॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

સપ્ટેમ્બર ૨૦૧૫

રૂ. ૫/૦૦



## ભુજ મંદિરને આંગણે હીંડોળા ઉત્સવ દરમ્યાન છપૈયા દર્શનની સાથે ૩૬ હિંડોળા દર્શન












(૧-૪) આચાર્ય નિવાસ તથા સંત નિવાસનું ઉદ્‌ઘાટન તથા વાસ્તુ પૂજન - ભુજ (૫-૬) મિરઝાપરના પ.ભ. પરબતભાઈ ભીમજી શિયાણી પરિવાર દ્વારા ભુજ મંદિરના સર્વે દેવોના ચાંદીના થાળ, વાટકા, ગ્લાસ અપર્ણ-ભુજ. (૭) ગુરૂપૂર્ણિમા પર્વે ત્રી રાત્રિય સત્સંગ સભા-ભુજ. (૮) વરસાદના નીરથી છલકાતા હમીર સરોવરને વધાવતા મહંત સ્વામી આદિ સંતો-ભુજ. (૯-૧૦) નૂતન મંદિરનું પૂરજોશમાં ચાલતું બાંધકામ-વુલ્વીચ (યુ.કે.).

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥ ૭

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૫ અંક - ૮ - સપ્ટેમ્બર – ૨૦૧૫
સળંગ અંક - ૩૫૭

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે

વરસાદની પધરામણીથી ધરતી ચેતનવંતી બની જાય છે અને ધરતીના પુત્રોના હૈયામાં હર્ષની હેલી હિલોડે હિલોડે ચડે છે. મન મોર બની થનગાઢ કરી સર્વે સંતાપોને વિસારી શ્રાવણ માસના પર્વો-તહેવારોની ઉત્સાહપૂર્વક ઉમંગભેર ઉજવણી કરી, મેળાઓમાં મહાલી મનમાં ઉલ્લાસ ભરી જીવનને હર્યું ભર્યું કરવાનો પ્રયાસ કરે છે. અને પ્રભુનો પાળ માને છે કે આવું મહામૂલું માનવજીવન આપી સુખદ ક્ષણોનો આનંદ આપ્યો છે.

ભૌતિકતાની ભૂલભૂલામણીમાં ભુરાંટો થયેલો માણસ સુખ અને શાંતિ માટે હવાતિયાં મારે છે. પહેલાં સુખ-સુવિધાઓ ઓછા હતા પણ લોકોનાં મન મોટા હતા તેથી લોકોમાં સુખ અને શાંતિ ભારોભાર હતી. જીવનની ઘટમાળ અને રહેણી કરણીમાં પરિવર્તન આવવા લાગ્યું. સંત સમાગમ ઘટતો ગયો. ભક્તિ અને ધર્મ પ્રત્યેનાં મનોભાવમાં અંતર આવતું થયું. ધીરે ધીરે સુખની વ્યાખ્યા બદલાતી ગઈ એટલે શાંતિ દૂર ભાગતી ગઈ ! શાંતિ દૂર થતાં સંતાપ પ્રવેશ્યો અને સંતાપે સ્વાર્થને પ્રાધાન્ય આપ્યું તેથી આજનો માણસ લાગણીઓ વહેંચવાનું ભૂલી ગયો છે, તેથી એકલતા અનુભવે છે. સ્વાર્થનો જ્યારે અતિરેક થઈ જાય છે. ત્યારે તે સુખની ભ્રમણા માત્ર હોય છે. સુખનો આભાસ સાચું સુખ ન હોવાથી આત્મા કબૂલ નથી કરતો એટલે મન અશાંત થઈ જાય છે, અકળાઈ જાય છે.

સાચા સુખ-શાંતિની પ્રાપ્તિ માટે આત્મીયજનોનો નિઃસ્વાર્થ પ્રેમ અને હૂંફ અતિ આવશ્યક છે, તે માટે તો લાગણીઓને વહેંચતા રહેવું જોઈએ. માનવમન સમરસતા અને સદ્‌ભાવથી ભર્યું હોવું જોઈએ. ઈશ્વરે આપણને શું નથી આપ્યું તેની ફરિયાદ ન કરતાં આપણને ઈશ્વરે એવું ઘણું બધું આપ્યું છે કે જે અન્યોને નસીબ નથી થયું તે અંગે વિચારવું જોઈએ. આ હકારાત્મક ભાવ જ સુખ-શાંતિનું પ્રથમ ચરણ છે.

માનવમાત્રની વિચારસરણીમાં સદાય હકારાત્મક ભાવનું પ્રાધાન્ય રહે અને માનવમાત્રને સાચા અર્થમાં સુખ અને શાશ્વત શાંતિની પ્રાપ્તિ થાય એવી પરમકૃપાળુ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થનાસહ જયશ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



છાન્દોગ્ય ઉપનિષદની બ્રહ્મવિદ્યાઓ અને વચનામૃત

લેખાંક-૪૬

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



"ओमित्थेतदक्षरमुद्गीथमुपासीत ।
ओमिति ह्युद्गायति तस्योपव्याख्यानम् ।"

ઉપનિષદનો પ્રારંભ એક એવા વાક્યથી થાય છે કે મનુષ્યે ધ્યાન અને ઉપાસના માટે ૐકાર ઉપાસના કરવી જોઇએ. અર્થાત્ 'ૐ' એક અક્ષરબ્રહ્મ પરમેશ્વરના રૂપમાં ઉપાસના કરવી જોઇએ. કારણ કે - યજ્ઞમાં ઉદ્‌ગાતા **'ૐ'** અક્ષરનું સર્વપ્રથમ ગાન કરે છે.

આ ઉપનિષદમાં કહેવાયું છે કે - આ પ્રત્યક્ષ જણાતા પૃથ્વી ઉપર રહેલ વૃક્ષ-લતા-વેલી-પશુ પક્ષી વગેરે સ્થાવર જંગમ ભૂતોનો **પૃથ્વી** આધાર છે. અર્થાત્ પૃથ્વી જ એમની પ્રકૃતિ -કારણ સ્થિતિ અને સ્થાન છે, - પૃથ્વીનો આધાર **જળ** છે.

જળનો આધાર જુદા જુદા **વૃક્ષો, છોડ** અને **ઔષધિઓ** છે. આ વનસ્પતિઓથી જ મનુષ્યના શરીરનું પોષણ થાય છે. અને -ઔષધિઓનો આધાર **પુરુષ** છે.

પુરુષનો આધાર **વાણી** છે. વાણી વિના પુરુષને જીવિકા પ્રાપ્ત ન થવાથી સુકાઇ જાય છે. માટે પુરુષનો આધાર વાણી છે એમ કહેવાય છે.

વાણીનો આધાર **ઋગ્** છે, - ઋગ્‌નો આધાર **સામ** છે.

ગાયન પ્રધાન સામથી ઋગ્ રસવાળી કરાય છે. સામનો રસ **'ૐ'** ઉદ્‌ગીથ છે ઉદ્‌ગીથ વિના સામ પણ ફળ આપનારો થતો નથી તેથી ફળ વિનાનું તો નિરસ કહેવાય તેથી સામનો રસ ઉદ્‌ગીથ છે. આ પ્રમાણે પૃથ્વીથી લઇને ઉદ્‌ગીથ સુધી ક્રમશઃ આઠ રસોનું વર્ણન કર્યું છે. **'ૐ'** કારને સર્વોત્કૃષ્ટ રસ માનવામાં આવ્યો છે. તેથી **'ૐ'** પણ એક પરબ્રહ્મનું સ્વરૂપ માનવામાં આવ્યું છે. તેથી **'ૐ'** ના ઉચ્ચારણથી પરબ્રહ્મની ઉપાસના કરવી જોઇએ.

**દ્વિતિય ખંડ**

**ૐ કારની વિવિધ રૂપમાં ઉપાસનાની કથા -**

"देवासुरा ह वै यत्र संयेतिरे प्राजापत्यास्तद्ध ।
देवा उद्गीथमाजह्नरनेतानभिभविष्याम इति ॥"

એક વાર પ્રજાપતિના બન્ને પુત્રો દેવતાઓ અને અસુરો પરસ્પર લડી રહ્યા હતા. દેવતાઓએ ઉદ્‌ગીથ 'ૐ'ની ઉપાસના કરવાનો નિશ્ચય કર્યો. સૌ પ્રથમ દેવતાઓએ નાક દ્વારા ઘ્રાણ ઇન્દ્રિયના રૂપમાં પ્રાણને ઉદ્‌ગીથ માનીને ઉપાસનાનો પ્રારંભ કર્યો. પરન્તુ અસુરોએ પોતાના પાપથી ઘ્રાણ ઇન્દ્રિય(નાક)ને ભ્રષ્ટ કરી નાખી. ત્યારથી ઘ્રાણ ઇન્દ્રિય સુગંધ (દેવતા) અને દુર્ગંધ (અસુર) બન્નેને ગ્રહણ કરવા લાગી. ત્યાર પછી દેવતાઓ જીભ દ્વારા વાણીની ઉપાસના

કરી. તેને પણ અસુરોએ પાપભ્રષ્ટ કરી નાખી ત્યારથી જીભ (વાણી) સત્યની સાથે સાથે અસત્યને પણ બોલવા લાગી. ત્યાર પછી દેવતાઓએ આંખથી ઉદ્‌ગીથની ઉપાસના કરી અસુરોએ તેને પણ દૂષિત કરી નાખી ત્યારથી આંખ શુભ અને અશુભ બન્ને દૃષ્યો જોવા લાગી. ત્યારપછી કાનથી ઉદ્‌ગીથની ઉપાસના શરૂ કરી પણ દેવતાઓએ તેને પણ દૂષિત કરી નાખ્યો. ત્યારથી કાન પણ સત્ય (મધુર) અને કટુ (અસત્ય) શબ્દને સાંભળતો થઇ ગયો. ત્યાર પછી દેવતાઓએ મનથી ઉદ્‌ગીથની ઉપાસના કરી ત્યારે પણ અસુરો મનને પાપિષ્ટ કરી નાખ્યું ત્યારથી મન પણ સાચા અને ખોટા સંકલ્પો કરવા લાગ્યું છે. ત્યારે અંતમાં દેવતાઓએ પ્રાણથી ઉદ્‌ગીથની ઉપાસનાનો પ્રારંભ કર્યો પરન્તુ અસુરોએ પ્રાણને દૂષિત ન કરી શક્યા પરન્તુ તેને દૂષિત કરવાના પ્રયત્નમાં પોતે જ નષ્ટ થઇ ગયા. તેથી પ્રાણ જ સર્વ શ્રેષ્ઠ છે એટલેજ પ્રાણ સુગંધ - દુર્ગંધ, રાગ- દ્વેષ, સત્ય- અસત્ય, આદિકથી દૂર છે. શરીરના અંત સમયમાં મૃત્યું થાય ત્યારે બધી ઇન્દ્રિયો નષ્ટ થઇ જાય છે પરન્તુ પ્રાણ નાશ પામ્યા વિના સ્વયં પ્રાણ જ શરીરમાંથી જીવાત્માને લઇને બીજા શરીરમાં લઇ જાય છે. તેથી અનિષ્ટકારી શક્તિઓથી બચવા માટે ઉદ્‌ગીથની પ્રાણના રૂપમાં ઉપાસના કરવી જોઇએ. આ પ્રાણનો મહિમા છે. એટલે જ પ્રાણની ઉદ્‌ગીથના રૂપમાં ઉપાસના અંગિરા, બૃહસ્પતિ, આયાસ્ય, દલ્મના પુત્ર બક, આદિ પ્રસિદ્ધ ઋષિઓએ કરીને મનોવાંછિત ફળની પ્રાપ્તિ કરી છે.

**તૃતીય ખંડ**

આ ખંડમાં ૐકારની ઉપાસના આધિદૈવિકના રૂપમાં કરી છે. આ તપતો સૂર્ય ૐ કારની ઉપાસના કરે છે. ઉદય થઇને ૐકારનું ગાયન કરે છે અને અંધકારરૂપ ભયનો નાશ કરે છે. સૂર્ય પ્રાણોની સમાન ગુણવાન છે. અસ્ત થયા સમયે સૂર્ય સ્વર છે. પ્રાણ પણ સ્વર છે. તેથી બન્ને ૐ છે. બન્નેની ૐના રૂપમાં પૂજવા જોઇએ.

**ચોથો ખંડ**

આ ખંડમાં 'ૐ' અક્ષરબ્રહ્મની ઉપાસના નું વર્ણન છે. 'ૐ' જ ઉદ્‌ગીથ છે. સાત્વિક દેવતા તામસી મૃત્યુથી ડરીને વેદોમાં પ્રવેશ કરી ગયા. તેથી દેવતાઓ છંદ આચ્છાદન કરનાર કહેવાયા. તેથી વેદોનું અધ્યયન કરવું જોઇએ. જે ૐની ઉપાસના કરે છે તે મૃત્યુથી તરીને અક્ષરધામને પ્રાપ્ત કરી લે છે.

**પાંચમો ખંડ.**

**આખ્યાયિકા - કથા**

**પ્રાણ અને સૂર્યની 'ૐ' કારના રૂપમાં ઉપાસના -**

આ ખંડમાં **કૌષીતકિ ઋષિ** પોતાના પુત્રને પ્રાણ તથા શરીરની **ૐકાર**ના રૂપમાં ઉપાસના કરવાનો ઉપદેશ આપે છે. ઋષિ કહે છે જે ઉદ્‌ગીથ છે અર્થાત્ જે ગાયન કરવા યોગ્ય છે તે જ પ્રણવ અથવા ૐ કાર છે. એને બીજી રીતે પણ કહી શકાય કે જે પ્રણવ છે એ જ ઉદ્‌ગીથ છે. કારણ કે આકાશમાં વિચરણ કરનાર સૂર્ય જ ઉદ્‌ગીથ છે. તેથી સૂર્યની ૐકારની ભાવનાથી આરાધના કરવી જોઇએ. ઋષિ પુનઃ કહે છે હે પુત્ર ! હું આ જ પ્રણવ (ૐકાર)ની ભાવનાથી હું સૂર્યની આરાધના કરીને તને પુત્રના રૂપમાં પામ્યો છે. તૂં પણ એ જ રીતે સૂર્યની કિરણોમાં ૐકારનું ચિંતન કરીને ઘણા પુત્રોને પ્રાપ્ત કર.

પુનઃ **કૌષિતકિ ઋષિ** શરીરમાં પ્રાણના માધ્યમથી ૐકારની ઉપાસનાનું વર્ણન કરતાં કહે છે કે - શ્વાસના રૂપમાં ચાલતો પ્રાણ જ ઉદ્‌ગીથ છે, પ્રણવરૂપ છે, ૐકાર છે. કારણ કે પ્રાણ સૂર્યનું બીજુ રૂપ છે. તેથી જેવી રીતે આપણે સૂર્યની ૐકારની ભાવનાથી ઉપાસના કરીએ છીએ જેવી રીતે પ્રાણની પણ ૐકારની ભાવનાથી ઉપાસના કરવી જોઇએ. મનુષ્યના શ્વાસોછ્‌વાસમાં નિરંતર આવાગમન દ્વારા પ્રાણવાયુમાં ૐકારનો જ ધ્વનિ પ્રગટ થાય છે. જેને યોગી તુરીયાવસ્થામાં નાદબ્રહ્મના રૂપમાં સાંભળે છે. પુનઃ કૌષીતકિ ઋષિ પોતાના પુત્રને કહે છે કે જેવી રીતે મેં પ્રાણોમાં ૐકારની ઉપાસના કરીને તને પ્રાપ્ત કર્યો છે. તેવી રીતે તું પણ ઘણા પુત્રોને પ્રાપ્ત કર. સારાંશ એ છે કે સૂર્ય અને પ્રાણની ૐકારના રૂપમાં આરાધના કરવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે.

# ધ્યાન તો તેરા હી હોગા !!

અહેવાલ :- રસિકભાઈ રા. ગોળવિયા, સુરત વેળાવદરવાળા

એક વાર શ્રીજી મહારાજ મેમદાવાદ ગામની ભાગોળે વડના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. સાથે સાથે મુક્તાનંદ સ્વામી આદિ ૬૦ સંતો પણ સભામાં બેઠા હતા. તેવામાં હિન્દીભાષી ઉતરપ્રદેશના એક સંત ગામડાઓમાં સત્સંગ કરાવીને આવ્યા. તે સ્વામીનું નામ હતું તત્ત્વાનંદ સ્વામી જે મહારાજના એકાંતિક ખરીનિષ્ઠા અને નિશ્ચયવાળા સંત હતા. ગામડે ગામડે ભગવાન સ્વામિનારાયણને ઓળખાવે પ્રચાર કરે, વર્તમાન ધરાવી કંઠી બાંધી સત્સંગ કરે. આવા તત્ત્વાનંદ સ્વામી મહારાજ સન્મુખ સભામાં આવી દંડવત્ પ્રણામ કરી દરેક સંતોને નમન કરી શ્રીહરિના ચરણ આગળ બેઠા.

શ્રીજી મહારાજે સંત હિન્દીભાષી હોય ને સહજ રીતે હિન્દીભાષામાં સમાચાર પૂછ્યા કે તત્ત્વાનંદજી કૈસે હો ? અચ્છા હૈ, મહારાજ ત્યારે તત્ત્વાનંદ તરફ જોઈને કહે હવે અમે એક પ્રકરણ બદલ્યું છે. કોન સા પ્રકરણ ? તત્ત્વાનંદ સ્વામીને ગુજરાતી આવડતું ન હતું પણ સમજી જરૂર શકતા હતા. તો મીક્સ બોલતા બોલવામાં ગડબડ પણ રહેતી. પણ મહારાજ ભાવાર્થ સમજી જાતા. મહારાજ કહે અમોએ એવું પ્રકરણ બદલ્યું છે આજથી તમારે બધાએ મુક્તાનંદ સ્વામીનું ધ્યાન કરવાનું છે, અમારું નહી ! અને તે સાંભળી તત્ત્વાનંદ સ્વામી ખીજાયા. મહારાજની સામે હાથ લાંબો કરી બોલ્યા. વો તો નહીં બનેગા. ધ્યાન તો તેરા હી હોગા. તોછડી ભાષા લાગે પણ જે બે જેમાં બહુ પ્રેમ હોય તે તેના પ્રત્યે તોછડી કે કાલી ભાષા બોલી શકે છે. જેમકે ભગવાન માતા મગેરેને કાલી ભાષા કે તોછડી ભાષાથી વાત કરી શકાય છે તે અતિપ્રેમનું લક્ષણ છે.

તત્ત્વાનંદ સ્વામીએ ખીજાઈને કહ્યું ધ્યાન તો તમારું જ થાશે. બીજા કોઈનું ક્યારેય કોઈનું નહીં થાય. ત્યારે મહારાજ કહે પણ અમોએ પ્રકરણ બદલ્યું છે. તમારે માનવું નથી ? ત્યારે તત્ત્વાનંદ સ્વામી આકળા થઈ ફરી કહ્યું નહીં માનુંગા અને ખીજમાં બે વખત બોલ્યા ધ્યાન તો તેરા હી હોગા !! ધ્યાન તો તેરા હી હોગા !! ત્યારે મહારાજ ખીજાયા અને બોલ્યા તત્ત્વાનંદજી જો તમારે અમારું ન માનવું હોય તો તમો અમારાથી વિમુખ છો. ઊભા થઈ જાવ અને આ સભામાંથી બહાર જતા રહો. તત્ત્વાનંદ તો ઊભા થઈ ગયા. થોડે દૂર એક વૃક્ષ હતું તેની નીચે જઈને બેઠા.

પછી ભગવાન શ્રી સ્વામિનારાયણે બીજા એક એક સંતોને બોલાવીને કહ્યું કે તમો મુક્તાનંદ સ્વામીનું ધ્યાન કરશો કે નહી ? એ સંતો નિશ્ચય અને નિષ્ઠામાં પાકા હતા એ સંતોએ ના પાડી અમો મુક્તાનંદ સ્વામીનું ધ્યાન નહીં કરીએ. ધ્યાન તો તમારું જ કરીશું. આમ ના પાડી દીધી. આથી તે બધા જ સંતોને ઊભા કરી મુકી વિમુખ કહી ચાલતા કરી દીધા. તે બધા સભામાંથી ચાલતા થઈ તત્ત્વાનંદજી બેઠા હતા ત્યાં જઈને બેસી ગયા. આમ ૬૧માંથી તત્ત્વાનંદ સહિત ૬૦ સંતોને ઊભા કરી વિમુખ કરી દીધા. એ બધા તત્ત્વાનંદજીની સાથે દૂર બેસી ગયા.

આ વડ જ્યાં સભા થઈ હતી ત્યાં માત્ર મહારાજ અને મુક્તાનંદ સ્વામી બેજ જણ રહ્યા. પછી શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું. સ્વામી શું કરીશું ? તમારું ધ્યાન કરવાનું કહ્યું તો કોઈ માન્યા નહી. બધા દૂર જઈને બેઠા. ત્યારે બુધ્ધિશાળી એવા મુક્તાનંદ સ્વામીએ કહ્યું, હે મહારાજ ચાલો આપણે પણ ત્યાં જઈને બેસીએ. ત્યારે મહારાજ અને મુક્તાનંદ સ્વામી તત્ત્વાનંદજી સાથે થઈ સંતો બેઠા હતા ત્યાં ગયા. અને મહારાજ બહુ રાજી થયા અને સહુ સંતોને ભેટ્યા અને બોલ્યા, હે સંતો તમે બધા સાચા અને નિષ્ઠાવાન છો. અમો પણ તમારા પંથમાં આવી ગયા.

આમ મહારાજ સાથે સંતો આવા નિષ્ઠાવાન અને પાકા નિશ્ચયવાળા હતા. કદાચ બ્રહ્માજી આવીને ડગાવેતો પણ ન ડગે તેવા હતા. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં પણ લખી દીધું છે કે ધ્યાન તો ભગવાન અને ભગવાનના અવતારોનું જ થાય, ગમે તેવો મુક્ત કે સિધ્ધ હોય કે બ્રહ્મવેત્તા હોય તો પણ તેનું ધ્યાન ન થાય. આવી નૌતમ લીલાઓ મેમદાવાદની ભાગોળે કરી, જે આપણને સૌને એક આદર્શ પૂરો પાડે છે. અને આવી લીલા જો યાદ રહી જાય તો બેડો પાર થઈ જાય. ભગવાન એટલે ભગવાન અને તેના અવતારો તેનું જ ધ્યાન કરવું, બીજા કોઈનું ધ્યાન ક્યારેય નકરવું. તત્ત્વાનંદ સ્વામીના શબ્દો ધ્યાન તો કેવળ તેરા હી હોગા તે આપણા મનમાં ગુંજવો જોઈએ, હૃદયમાં ધારવો જોઈએ.

# કર્મકાર્યના ખાતામાં પણ જમા-ઉધાર છે

અહેવાલ :- હિંમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'

**શિક્ષાપત્રી શ્લોક - ૧૭નો ભાવાર્થ :-**

**સ્તેનકર્મ ન કર્તવ્યં ધર્માર્થમપિ કેનચિત્ ।**
**સસ્વામિકાષ્ઠપુષ્પાદિ ન ગ્રાહ્યં તદનાજ્ઞયા ॥**

શ્રી સહજાનંદ સ્વામી મહારાજ પ્રબોધે છે કે મારા આશ્રિતો હોય તેમણે ધર્મકાર્ય કરવાને અર્થે પણ ચોરીનું કર્મ ન કરવું અને ન ધણીયાતી જે કાષ્ટ પુષ્પાદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના લેવી નહિ.

આ જગતમાં જીવના જન્મ સાથે જ પરમાત્મ સત્તાએ તેને સતત અને ક્ષણે ક્ષણે કર્મ કરવા માટે બાધ્ય કરેલ છે. કર્મ મનસા, વાચાને કર્મણા ત્રણેય રીતે થાય છે. આ મૂળભૂત સિદ્ધાંત પર આધારિત કર્મ કયું કરવું અને ન કરવું અને શા માટે કરવું કે ન કરવું તેની સમજણ જીવે મેળવવાની છે.

શતાનંદ સ્વામી આ શ્લોકને વિસ્તારીને ઊંડાણથી સમજાવતાં જણાવે છે કે ચોરી ન કરવી. ચોરી માનવ સ્વાર્થ માટે કરે છે ને ક્યારેક પરમાર્થ ને ધર્મ માટે પણ કરે છે. શિક્ષાપત્રીમાં આવા તમામે તમામ ચોર કર્મોને વર્જ્ય ગણ્યા છે.

ચોરીનું કર્મ એટલે ધણીની હાજરીમાં બળાત્કારે અથવા તો ગેરહાજરીમાં પારકા દ્રવ્યનું હરણ કરાય છે તે. ચોરીનું કર્મ બીજાના હૃદયને કલેશ આપે છે. તેથી નિષેધ છે.

ચાલો સાવ સરળ ઉદાહરણ જોઈએ, મંદિરે દર્શને જતા દર્શનાર્થીએ રસ્તે કોઈના બંગલામાં શોભતા ગુલાબ, ડોલર, મોગરાના ફૂલોને ધણીની રજા વિના તોડી તેની માળા બનાવી મૂર્તિને ન પહેરાવાય ચૌર્ય કર્મ વર્જ્ય છે. આપણી પ્રાથમિક શાળાના નાનકડા બાળકોને શીખવાડાતું કે એક જીવરામ ભગત વાડીમાંથી પસાર થતાં રીંગણ, ચીકુ, જામફળ ઈત્યાદિ જોઈને લલચાઈ ગયાને યુકિતકાઢી તેને ચોરી જવા માલિક નહોતો તો પેલા ઝાડને જ પૂછી લીધું - વાડી રે. વાડી, રીંગણા છે મજાના તોડું બેચાર, તોડને ભાઈ ચાર-આઠ, પૂછે જીવરામ પોતે ને જવાબ પણ આપે પોતે... લ્યો કેવો હતો ઉસ્તાદ ચોર..! પણ આપણું મન દલીલ કરે અરે યાર હું મારા માટે કયાં માંગું છું ? હું તો મંદિર માટે, ભગવાન માટે માંગું છું ને આમેય છે તો બધું જ ભગવાનનું ને. એમાં ચોરી કયાં આવી ..?

**"મનમરકટ બડા કુટિલ હૈ**
**ઊલટ પૂલટ કર જાય,**
**નીતિ-ધર્મ કે નિયમ કો**
**ક્ષણક્ષણ મેં પલટાય."**

યમસ્મૃતિના દાનખંડમાં સમજાવ્યું છે કે, પારકા દ્રવ્યનું હરણ કરીને દાન કરવું કે કોઈ પણ ધર્મ સંબંધી કાર્ય કરવું તેમાં બે ક્રિયાઓ થાય છે. એક ક્રિયા પાપરૂપ છે અને બીજી ક્રિયા પુણ્યરૂપ છે. બરોબર સમજી લઈએ. પારકું ચોરવું એ પાપ ને ધર્મ કાર્ય કરવું એ પુણ્ય થઈને બે ક્રિયાઓ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની શિક્ષાપત્રી તો એવી આજ્ઞા કરે છે કે જો જંગલ સરકારી માલિકીનું હોય તો તેની પણ કોઈ ઉપજ વિના પૂછયે લેવી પાપ મનાય છે.પરંતુ આજે સરકારી જમીનો પર જ સામૂહિક દબાણ થાય. જગંલના જંગલોને ઓલ્યો ચાંચવાળો લક્કડખોદ પક્ષી ન ખાઈ શકે પણ આ સફેદ બગલા જેવા ચોરો ઝાડને જડમૂળથી જ રહેંસી નાખે. પરિણામે પ્રકૃતિની

સમતોલતા જોખમાઈ છે, વાવાઝોડું, અનાવૃષ્ટિ ને અતિવૃષ્ટિ સહજમાં થતાં રહે છે.

સત્સંગીઓ ગભરાવાની પણ જરૂર નથી. આપણાં શાસ્ત્રોમાં કોઈક જગ્યાએ ચોરી કરવાની છૂટ પણ આપી છે ..! હૈયે હાશકારો થાય તો ભલે થાય પણ આ છૂટછાટ પાછળનો ભાવ સમજવા જેવો છે. ગાયને માટે ઘાસ, યજ્ઞ માટે કાષ્ટ, દેવો માટે પુષ્પ ઈત્યાદિ 'સબ ભૂમિ ગોપાલકી' સમજીને લઈ લેવાની છૂટ છે. શતાનંદ સ્વામી અત્રે ખૂબ જ માર્મિકતાથી સમજાવે છે કે સત્યયુગમાં તો આની છૂટ જ હતી પણ અબ તો જમાના બદલ ગયા, ઈન્સાન બિગડ ગયા તો જરા વિનમ્રભાવે વિનંતી કરીને સારા રસ્તા કાઢી શકાય ને.

પુરાણકાળના ઋષિમુનિઓએ પણ આપતકાળમાં ચોરીની છૂટ આપેલી જ છે. આવી ચોરીનું પણ પ્રાયશ્ચિત કરાય છે. જો માલિક હાજર હોય તો રજા લેવી, ન હોય તો ચોરી કરેલી પોતે ત્રણ દિ'ના ઉપવાસ કર્યા હોય તો..! અંતમાં..

**"ચોરીની પડોજણ છોડો,**
**મનને નીતિધર્મમાં જોડો,**
**વફાદારીથી રસ્તા ખોડો,**
**શિક્ષાપત્રીને બે હાથ જોડો."**

# નારી તો માતૃ સ્વરૂપા જ હોય

**અહેવાલ :- વરસાણી અલ્પા રમેશ**

લોકમાં જેને નવી લાડી કહેવામાં આવતી હોય એ નવવધુના અનેક સ્વરૂપો હોય પણ એના માનસનું નિરીક્ષણ કરાવામાં આવે તો મુખ્યત્વે એના પણ પ્રકાર આંખ સામે તરી આવે. એક છાશ જેવું, બીજું પાણી જેવું અને ત્રીજું ખીચડી જેવું. વિગતે જોઈએ તો, આજના પશ્ચિમી પવનની અસર હેઠળ પહેલા પ્રકારની યુવતીઓ પતિને પોતાના રંગે રંગી, તેને આગવો, પોતાનો કરી લેવાની તમન્ના ધરાવતી હોય છે.

તે પોતાને સમાનગણી એવી મગરૂબીમાં રાચતી હોય છે. કે વર ભલે દૂધના ભંડાર જેવડો હોય પણ હું કાંઈ કમ નથી. હું ખાટી છાશ સમાન છું. જેનું એક જ ટીપું પડતા દૂધનો તમામ જથ્થો દહીંમાં ફેરવાઈ જાય છે. આવી સ્ત્રી પતિનું પતિ તરીકેનું અસ્તિત્વ મિટાવી, પત્નીમય બનાવી દેવા ઝંખતી હોય છે. તે નણંદ, સાસુ આદિ સ્નેહી, સંબંધીઓને દૂર કરી પોતાના પતિને માત્ર પોતાનો જ કરી લેવા અનેક પ્રકારના કાવા-દાતા ખેલતી હોય છે. આવી નવવધુનો ગૃહ પ્રવેશ તૂફાન બનીને તે ઘરની શાંતિને વેરણછેરણ કરી નાખતો હોય છે.

બીજા પ્રકારની નવોઢાઓ પાણી જેવા સ્વચ્છ નિર્મલ અંતઃકરણથી સમર્પણ કરનારી હોઈ દૂધ રૂપી પતિ અને તેના પરિવારમાં ભળી જઈ પોતાની જાત ઓગાળી નાખે. પોતાનું આગવું અસ્તિત્વ જ મિટાવી નાખે. આવી સ્ત્રીઓ પ્રાચીન આદર્શરૂપ ગણાતી હોવા છતાં પ્રવર્તમાન યુગમાં સમય સાથે તાલ ન પણ મિલાવી શકે એવું બને.

હવે ત્રીજો પ્રકાર જોઈએ તો ખીચડી એટલે કે જેમાં મગ અને ચોખા છતાં એકબીજામાં ઓગાળી જઈ વિશિષ્ટ પ્રકારની એકરૂપતાવાળી મીઠાશ લાવે છે, જે વાસ્તવમાં આવશ્યક છે.

સ્ત્રીએ ન તો પોતાનું અસ્તિત્વ મિટાવવાનું છે ન તો પુરુષ સમાવડી બનવાનું છે એને તો અનેરી એકરૂપતા સર્જવાની છે. એવી એકરૂપતા કે જ્યાં પ્રભુને પધારવાની ઈચ્છા થઈ આવે. માત્ર પતિને જ પોતાનો નથી કરવાનો, બલ્કે પારકાને પોતીકા કરવા એટલે સગા-સબંધીઓ, સ્નેહીઓ સર્વેને પોતીકા કરી પોતે તેના થઈ જવું, એકેયમાં

અહંને ઓગાળી નાખવું અને દૂધમાં સાકરની જેમ ભળી જઈ અનોખી મીઠાશ ઉત્પન્ન કરવી. એવું માનસ સ્વર્ગીય સુખની અનુભૂતિ કરાવે તે સમાજની અનેક સમસ્યાનો અંત લાવે.

આજની કન્યાને પતિને પોતાનો (માત્ર પોતાનો જ) કરી લેવાની અનેક તરકીબો શીખવવામાં આવતી હોય છે. માત્ર પતિને જ પોતાનો કરવાની શીખ અનેક સમસ્યાઓ સર્જે છે. આજની નારી સંસ્થાઓ, મહિલા મંડળો વગેરે પણ જાણે અજાણે સ્ત્રી માનસમાં વિદ્રોહવૃત્તિના બીજ રોપતી હોય છે. જાણે સમગ્ર સમાજ એમનો દુશ્મન હોય તેમ ડગલે ને પગલે કહેવાતા હક્કો માટે લડતા રહેવાનું અને સ્વતંત્રતાને નામે સ્વછંદતા ભોગવવી અને આધુનિકતાનું નામ આપવું એ યોગ્ય નથી.

સ્ત્રીએ પુરુષ સમોવડી બનાવવાના અતિ ઉત્સાહમાં એને ભાયડા છાપ બનાવી દેતી કેટલીક બહેનો નારીના આગવા ગૌરવરૂપને હણી નાખે છે. નારી તો માતૃ સ્વરૂપા રણચંડીને રંભા સ્વરૂપ સ્ત્રીઓની આંખમાં સાપોલીયા સળવળે છે. કારણ કે ખાટી છાશ જેવા બનવાની જ તેને સલાહ આપતી હોય છે. વાસ્તવમાં ખીચડીનો આદર્શ અપનાવી અરસ પરસ ભળીને એકરૂપ થવાથી જ સુખી થઈ શકે છે.

પતિ કોઈ અન્ય સ્ત્રી (પ્રેમિકા)ના મોહ જાળમાં ન ફસાય તેમ પતિને પોતાનો કરી લેવો એ અનોખી કળા છે પણ એ કળા જ્યારે પતિને પોતાના મા-બહેનથી અળગા કરવામાં વપરાય ત્યારે તે અભિશાપ બને.


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**


## અમને 'શ્રી સ્વામિનારાયણ' બહુ ગમે

અમને સર્વાવતારી 'શ્રીસ્વામિનારાયણ' ગમે...
અમને...
જેમ ચાંદાની ચાંદની ચકવાને ગમે...
અમને...
અમને શ્રીજીએ નવાજેલ 'શ્રીનરનારાયણ' ગમે...
ભક્તોને મંદિરમાં અદકેરો આનંદ મળે...
અમને...
નિસ્પૃહી બનીને નરનારાયણ રટવા મળે...
સત્સંગ અને સ્વાર્થને કદી ન ભળે...
અમને...
અમને સર્વમાં સમાનતાથી જોવું ગમે...
સતંસેવાનો જોતાં કદી જોટો ના મળે...
અમને...
મંદિરમાં હનુમાનજી-ગણપતિનાં દર્શન ગમે...
રંગમહોલના ઘનશ્યામની પરિક્રમા મળે...
અમને...
મંગળા શણગાર આરતીનો લહાવો ગમે...
સભામંડપમાં સંતોના કથામૃતનું પાન મળે...
અમને...
અમને 'સ્વામિનારાયણ' નામ રટવું ગમે...
'શ્રીસ્વામિનારાયણ' અંકથી કિનારો મળે...
અમને...

અહેવાલ :- મહાદેવભાઈ ધોરિયાણી, રાજકોટ

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## છપૈયાધામ દર્શન
## ભવ્ય હિંડોળા દર્શન ઉદ્‌ઘાટન

ઉત્સવપ્રધાન ભારત દેશમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉજવાતા ઉત્સવોમાં હિંડોળા મહોત્સવનું એક આગવું આકર્ષક સ્થાન છે. આ સંપ્રદાયના સત્સંગીઓ ઉરમાં ઉમંગ અને ઉત્સાહ સાથે ઉત્કૃષ્ટ કોટિના ઉત્તમ હિંડોળા તૈયાર કરી શ્રીઘનશ્યામ મહારાજની ઉલ્લાસભેર ઉપાસના કરે છે.

ભુજ મંદિરના મહંત પ.પૂ. સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી અને પ્રેરણાથી આ વર્ષે વિશેષ અનુભૂતિ કરાવે એવા દશ્યો ભુજ મંદિરના શ્રીનરનારાયણ સભામંડપમાં નિર્માણ પામ્યા છે. આ સંપ્રદાયનું અતિ પવિત્ર પાવનકારી યાત્રાધામ તીર્થભૂમિ છપૈયાનું અદ્‌ભુત અને અકલ્પનીય સર્જન સંતો અને હરિભક્તોએ કર્યું છે. ભગવાન શ્રીસ્વામિનારાયણના દિવ્ય પ્રાગટ્ય સ્થાન છપૈયામાં શ્રીહરિએ બાળલીલાઓ કરી છે એવા ખાંપા તલાવડી, મીનસરોવર, નારાયણ ઘાટ, મોક્ષ પીપળો, ભૂતિયા વાવ જેવા પ્રસાદી સ્થળોનું આબેહૂબ સર્જન કરી ભુજ મંદિરને છપૈયા બનાવી દીધું છે. દર્શનાર્થીઓ જાણે છપૈયા ધામમાં વિચરણ કરી રહ્યા હોય એવો આહ્‌લાદક અનુભવ કરીને કૃતકૃત્ય થઈ જાય છે અને ઘર બેઠે છપૈયાની યાત્રા થઈ ગઈ હોય એવી લાગણી અનુભવે છે. શ્રીનરનારાયણદેવના સાંનિધ્યમાં રાત-દિવસ જોયા વગર પ્રભુભક્તિમાં લીન સંતો અને હરિભક્તોએ ઘણા દિવસોની અથાગ મહેનતથી નિષ્કુળાનંદજી સ્વામી બનાવેલ ગોળાકાર આકૃતિના ૧૨ બારણાવાળા અદ્‌ભુત હિંડોળાની ઝાંખી કરાવતો ભવ્યાતિભવ્ય હિંડોળો બનાવેલ છે. રંગબેરંગી વૈવિધ્યસભર પુષ્પોગુચ્છોથી અતિ શોભાયમાન શ્રીજી મહારાજની કૃપાથી જાણે કુદરતની મહેર થઈ હોય અને પ્રકૃતિ પોતાના ખોળામાં શ્રીહરિને ઝુલાવતી હોય એમ બારે બાર હિંડોળામાં ઝુલતા શ્રીહરિનાં દર્શન કરી હરિભક્તોનાં હૈયામાં હર્ષ સમાતો નથી. જેનાં દર્શન માત્રથી ભવસાગર તરી ગયાનો અહેસાસ થાય તેવા આ છપૈયા ધામ અને હિંડોળા ધુમ્મટના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ્વામીના અધ્યક્ષસ્થાને સ.ગુ. પૂ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તેમજ વડિલ અને યુવાન બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ સાં.યો. મહંત શામબાઈ ફઈ તેમજ સાં.યો. બહેનો તેમજ ગૃહસ્થ હરિભક્ત ભાઈ-બહેનો અને ઉપસ્થિત મહેમાનોની હાજરીમાં ભક્તિભાવ અને આનંદના વાતાવરણમાં તા. ૧૦-૮-૨૦૧૫ સોમવાર એકાદશીના પવિત્ર દિવસે સાંજે યોજાઈ ગયો. આ વિશેષ પ્રસંગે ભુજના ધારાસભ્ય આદરણીય નીમાબેન આચાર્ય ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુ.સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજીભગત આદિ વડિલ સંતોની આજ્ઞા તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ હિંડોળા સમિતિના સંતો સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી નિલકંઠસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી બળદેવપ્રસાદદાસજી,

સ્વામી ઘનશ્યામચરણદાસજી, પુ. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી આદિ સંતો તથા હરિભક્તો જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનો મંગલ પ્રારંભ સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજીએ વચનામૃતનું શ્રવણ કરાવી કરેલ. હરિભક્તોએ સેવા નોંધાવી યજમાનપદ મેળવી આનંદ અનુભવ્યો હતો. સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ કર્યું હતું.

છપૈયાધામ અને વિવિધ હિંડોળાઓના ઉદ્‌ઘાટનનો લ્હાવો લેવા ઊંચો આંક આપી યજમાનપદ શોભાવનાર નીચે મુજબના દાતાઓએ સદૈવ વંદનીય મહંત સ્વામી અને વડીસ સંતો સાથે રહીને ઉદ્‌ઘાટન વિધિ કરી ધન્યતા અનુભવી હતી અને સંતોનો રાજીપો મેળવ્યો હતો.

**મુખ્ય ઘુમટના દાતા :** પિતાશ્રી કલ્યાણ કરસન કેરાઈ માતુશ્રી અ.નિ. રામબાઈ કલ્યાણ હસ્તે સુત શીવજી કલ્યાણ ધ.પ મેઘબાઈ તથા સુત કુંવરજી કલ્યાણ ધ.પ. કાન્તાબેન - નારણપર નિ.વા., **ઘુમટના હિંડોળાના દાતા :** દબાસીયા લોડર હસ્તે રામજીભાઈ ગોપાલ દબાસીયા તથા શાંતિલાલ ગોપાલ દબાસીયા તથા લાલજીભાઈ ગોપાલ દબાસીયા - ભક્તિનગર, **છપૈયાધામ દર્શનના દાતા :** કિંગ્શ કીચન ગોવિંદભાઈ ધનજી રાબડીયા ભુજ તથા રવજીભાઈ ધનજી રાબડીયા (હાલે લંડન), **છપૈયાધામ દર્શનના દાતા :** સાં.યો. રામબાઈ લાલજી હીરાણી તથા સાં.યો. નાનબાઈ રામજી ભુડીયા, મોમ્બાસા લાલજી કલ્યાણ શિયાણી - માનકુવા, **છપૈયાધામ દર્શનના દાતા :** અ.નિ શીવજી વિશ્રામ ભુડીયા માતુશ્રી કેશરબાઈ શીવજી હસ્તે સુત ખીમજી ધ.પ. ધનુબેન સુપુત્રીઓ જીગ્નાબેન, ક્રીષ્નાબેન, નીરમાબેન તથા હસ્તીબેન ભુડીયા સહપરિવાર હસ્તે સામજી કાનજી વરસાણી - માંડવી હાલે નાઈરોબી, **છપૈયાધામ દર્શનના દાતા :** અ.નિ. રવજી લાલજી પિંડોરીયા હસ્તે પ્રેમજીભાઈ રવજી સહપરિવાર - સુખપર રોહા હાલે દારેસલામ, છલ્લે દિવસે મહાઆરતી ઠાકોરજીના વાઘા હસ્તે ભાવેશ નારણ પિંડોરીયા તથા પુનિત નારણ પિંડોરીયા, **છપૈયાધામ દર્શનના દાતા :** સાં.યો. નાનબાઈ રામજી ભુડીયાની શુભ પ્રેરણાથી ધનબાઈ રામજી ભુડીયા ધ.પ. જશુબેન પુત્ર કવીત તથા પૌત્ર કીશન - માનકુવા હાલે ઓસ્ટ્રેલીયા પર્થ, નારણભાઈ મનજી કેરાઈ ધ.પ. વાલબાઈ હસ્તે સુત કાન્તી નારણ કેરાઈ - બળદીયા હાલે નાઈરોબી, મેઘજીભાઈ કરસન વરસાણી સહપરિવાર - સામત્રા, મુળજીભાઈ કરસન શિયાણી સહપરિવાર સુપુત્ર રવિભાઈ, વિનોદભાઈ, કાંતિ આદિ પરિવાર - ભુજ, પ.ભ. પરબત શીવજી કેરાઈ સહપરિવાર - નારણપર, પ્રેમજી કરસન છભાડીયા હસ્તે હીરજી પ્રેમજી છભાડીયા - માંડવી હાલે કીટાલે, વેલાબેન ગૌરીશંકર હીરજી ઠક્કર પરિવાર હસ્તે શશીકાંત, વિનોદ, અરવિંદ, જય, હેમન, ફેનીલ તથા આદિત્ય પરપૌત્ર વરૂણ, વાલજીભાઈ કરસન હીરાણી ધ.પ. વાલબાઈ સુપુત્રી જશોદાબેન, કાન્તાબેન, જીગ્નાબેન સહપરિવાર - બળદીયા હાલે નાઈરોબી, મહંત સાં.યો. શામબાઈ ફઈ અરજણ - ભુજ, રામભાઈ કપ્તા - માંડવી, ભુપેન્દ્રભાઈ ઠક્કર ધ.પ. હર્ષાબેન ભુપેન્દ્ર ઠક્કર - ભુજ, દેવજીભાઈ કાનજી ભુવા સહપરિવાર તરફથી ચેવડાનો પ્રસાદના યજમાન હસ્તે લાલજી દેવજી ભુવા - સુખપર, પ.ભ. નારણભાઈ પરબત રાઘવાણી ધ.પ. અ.નિ. મેઘબાઈ હસ્તે પુત્ર ધનજી નારણ રાઘવાણી સહપરિવાર - બળદીયા ની.વા., રવજીભાઈ કરસન ભુડીયા સહપરિવાર - ફોટડી, કુરજી જાદવા છભાડીયા - માંડવી.

---

## પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો માટેના ઉતારાનું આચાર્ય મહારાજશ્રી તથા યજમાન પરિવારના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સંત આશ્રમના ઉપરના ભાગે

સુવિધાસભર રહેવા માટે અલાયદા રૂમો પૂ. મહારાજશ્રી તથા બહારથી પધારતા સંતો માટે ઉતારા બનાવવામાં આવ્યા છે.

ભુજ મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત અને ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજીની દેખરેખ હેઠળ મંદિરના સંતઆશ્રમના ઉપરના ભાગે ઉતારા બનાવવામાં આવ્યા છે. જેનું ઉદ્ઘાટન તા. ૩૦-૭-૨૦૧૫, ગુરુવારના રાખવામાં આવેલ હતું.

પ્રારંભમાં વકતા પુ. સ્વામી નારાયણમુનિદાસજીએ કથારૂપી અમૃતનું પાન કરાવ્યું હતું. ત્યારબાદ પૂ. સ્વામી શ્રીહરિદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી અક્ષરપ્રકાશદાસજી, મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજીએ આશીર્વચન પાઠવ્યા હતા. શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન પરિવાર અ.નિ. પિતાશ્રી કેશરાભાઈ રૂડાભાઈ વરસાણી, માતુશ્રી ગં.સ્વ. રામબાઈ કેશરા વરસાણી હ. સુપુત્ર રામજીભાઈ કેશરા રૂડા વરસાણી ધ.પ. માનબાઈ, સુપુત્ર નારણભાઈ રામજી વરસાણી ધ.પ. વનિતાબેન, સુપુત્ર લાલજીભાઈ રામજી વરસાણી ધ.પ. પ્રેમીલાબેન, પૌત્ર હર્ષિતકુમાર નારણ વરસાણી, પૌત્ર ધ્રુવકુમાર લાલજી વરસાણી, પૌત્ર દિવ્યેશ લાલજી વરસાણી, પૌત્રી આરતીબેન નારણ, પૌત્રી દિષ્ટ્રીક લાલજી વરસાણી, સુપુત્રી લક્ષ્મીબેન કિશોર હાલાઈ, સુપુત્રી કાન્તાબેન સુભાષભાઈ કેરાઈ સહપરિવાર (ગામ સામત્રા હાલે નૈરોબીવાળા) પરિવારનું પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું અને પ્રતિક ભેટ આપવામાં આવી હતી. આચાર્ય મહારાજશ્રી તથા યજમાન પરિવાર સાથે રહીને આચાર્ય મહારાજશ્રીના નિવાસનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે વિલ્સડન મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે દર સાલ મુજબ ચાલુ સાલે તા. ૨૫-૭ થી ૩૧-૭ સુધી સાત દિવસની કથા પારાયણ જ્ઞાનયજ્ઞ પ્રસંગે સમસ્ત પટેલ ચોવીસી તથા વાગડ તથા અબડાસા તથા અંજાર અને માંડવી મંદિર, તમામ ગુરુકુળો, સંતો, સાં.યો. બહેનો તથા વિશાળ સંખ્યામાં સત્સંગી હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને કથારૂપી અમૃતનું પાન કરી પ્રસાદરૂપી ભોજન ગ્રહણ કર્યું હતું.

આ ભગીરથ કાર્યમાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, કો. સ્વામી રઘુવીરચરણદાસજી, કો. સ્વામી પ્રભુવલ્લભદાસજી, કો. સ્વામી ધર્મજીવનદાસજીએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર સભાનું સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ :- કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી

---

## અસરગ્રસ્તોની વહારે ભુજ મંદિર

મેઘરાજાની મહેર જ્યારે કહેરનું રૂપ ધારણ કરી લે છે ત્યારે માનવને તેની પામરતાનો પરિચય થાય છે. અતિવૃષ્ટિ જેવા માહોલમાં સમગ્ર કચ્છ જિલ્લો જળબંબાકાર થઈ ગયો.

નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા અને ઉપર આભ અને નીચે પાણીથી પાયમાલ થઈ ગયેલા સંખ્યાબંધ કુટુંબોના ઘરમાં ચૂલા પણ ન પ્રગટ્યા. આવા કપરા સંજોગોમાં શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ તેની માનવસેવાની પરંપરા મુજબ વરસાદી અસરગ્રસ્તોની વહારે સંતો અને હરિભક્તોની ટીમ સાથે પહોંચી ગયું. ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય સ.ગુ.પુ. સ્વામી

ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી વરસતા વરસાદ અને પાણીમાં ગરકાવ રસ્તાઓના કારણે મુશ્કેલ બનેલ વાહનવ્યવહાર વચ્ચે પણ સંતો અને હરિભક્તોએ રાહતકાર્ય પાર પાડ્યું હતું.

નખત્રાણા તાલુકાના ખોંભડી ગામના સંખ્યાબંધ ગરીબ કુટુંબોને કુટંબદીઠ ૨૦ કિલો ચોખા, બાજરો, ઘઉં, દાળ, ગોળ, સીંગતેલની પીટ, મસાલા વગેરેનું વિતરણ કરી અન્નદાન આપવામાં આવેલ. જેમના રહેઠાણોને વ્યાપક નુકસાન થયેલ તેવા અનેક કુટુંબોને સારી ગુણવત્તા (ક્વોલીટી) ધરાવતી મોટી સાઈઝની તાલપત્રીઓનું પણ વિતરણ કરવામાં આવેલ. આવા અસરગ્રસ્તોના હાલચાલ અને જરૂરિયાતની પૂછા કરી તેઓને શક્ય તેટલી વધુને વધુ સહાય ભુજ મંદિર દ્વારા આપવામાં આવી હતી.

વરસાદના કારણે ભુજમાં પણ વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. અનેક કુટુંબોના ઘરમાં ચૂલા પ્રગટ્યા નહોતા, કેટલાય વિસ્તારોમાં પાણી ભરાયા હતા તેવા સમયે શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજમાં ૩૦૦ કિલો ચોખાના ખારી ભાત બનાવી ભુજના વિવિધ વિસ્તારોમાં તેનું વિતરણ કરી ભૂખ્યા માનવોની જઠરાગ્નિ શાંત કરી હતી. આ કાર્યમાં સેવાકાર્ય માટે જાણીતી માનવજ્યોત સંસ્થાના નિષ્ઠાવાન કાર્યકરોએ ખૂબ સાથ સહકાર આપ્યો હતો.

ભુજ મંદિરના કોઠારી સ્વામીના માર્ગદર્શન હેઠળ સેવાભાવી બ્રહ્મનિષ્ઠ સંતો સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી પરમહંસદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતો અને હરિભક્તોએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- ભરતભાઈ મહેતા

---

## ગુરુ પૂર્ણિમા પર્વે ભુજ મંદિરે ત્રિ-દિવસીય રાત્રી સભા યોજાઈ

શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, ભુજ આયોજીત ગુરુ પૂર્ણિમાની ઉજવણી નિમિત્તે તા. ૨૯-૭-૧૫ થી તા. ૩૧-૭-૧૫ સુધી રાત્રી સભાનું આયોજન થયું હતું. રાત્રીના ૯ થી ૧૧ વક્તા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં 'ખુદ કી પહેચાન' વિષય ઉપર પ્રકાશ પાડી હરિભક્તોને પોતાની જાત ઓળખવાની માર્મિક ટકોર કરી હતી.

આ રાત્રી સભાની પ્રથમ રાત્રીએ આપણા પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા.

વક્તાશ્રીએ સભાની શરૂઆત કરતાં કહ્યું કે આ શિબિર શહેરનાં સત્સંગીઓના પોષણ માટે છે. આજે માણસને સ્વાદની ખબર પડે છે પણ ખુદ ભુલાઈ ગયો, જે પોતાની જાતને ભૂલ્યા તેને મોટું વિઘ્ન આવશે. પહેચાન કરવા સતત વિચારશીલ રહેવું પડશે. સંપ્રદાયનાં સુરા ખાચરે પોતાની જાત ઓળખીને એ યાદ રાખ્યું કે હું ભગવાનનો ભક્ત છું, વક્તાશ્રીએ પારકું ધન ખાવાથી, પરસ્ત્રીનો સંગ કરવાથી તથા હિતેચ્છુંનો ત્યાગ કરવાથી પતન થશે તેવી ટકોર કરેલી હતી.

રાત્રી સભામાં મહારાજશ્રીએ તેમના આશીર્વચનમાં કહ્યું કે માણસ આખું જગત જુએ છે પણ પોતાની જાતને જોતો નથી. સ્વામિનારાયણ ભગવાને શાસ્ત્રો આપ્યા જેથી આપણે ઓળખાણ કરી શકીએ. સમયનો ઉપયોગ કરવામાં વિવેકબુધ્ધિ રાખવા, અંદરની શોભા અને શાંતિ નિખરે એવા પ્રયત્નો કરવા, ટેકનોલોજી છે તે ઉપયોગી છે પણ આ ટેકનોલોજી આપણને ખાઈ ન જાય તેનું ધ્યાન રાખવાની સલાહ આપી હતી.

વક્તાશ્રીએ શ્રોતાવર્ગને જણાવ્યું કે, આપણી અંદર કરોડોની સંપદા પડી છે પણ આ સંપદાને કોઈ સંત ઓળખાવશે ત્યારે જ કરોડપતિ બનશું. આ સહજાનંદી સ્કૂલ છે, એમાં પેલા નંબર વાળાની જરૂર છે અને છેલ્લા નંબરવાળાની પણ જરૂર છે. આપણે શું કરવા આવ્યા છીએ ? એ વિચારવું, બીજાની પંચાત કરવી નહિ. આપણા પ્રથમ ગુરુ માતા-પિતા છે. ગુરુને નમતાં પહેલાં અને ગુરુમાં

જોડાતા પહેલાં માતા-પિતાને નમો - એ જ ગુરુપૂર્ણિમાની સાચી ગુરુ પૂજા ગણાય.

વક્તાશ્રીએ સભાની અંતિમ રાત્રીએ સોનાના સિક્કોની વાત કહી કે, સોનાનો સિક્કો ગમે તે સ્વરૂપમાં હોય, સોનાનો જ ગણાય. તેમ આ ત્રિ-દિવસીય રાત્રી સભાની વાતે જે દિવસે પણ સ્વીકારશો તે દિવસે આ સોનાના સિક્કા જેવી જ જણાશે.

સભાની અંતિમા રાત્રીએ યુવક મંડળ, ભુજના યુવાનોએ ગુરુપૂજન કર્યું હતું. આ ત્રિ-રાત્રી સભામાં સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ તેમજ યુવાન સત્સંગની હાજરી રહી હતી. રાત્રી સભાનું સંચાલન શા. સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું. ત્રણેય દિવસ સભાના અંતે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ત્રિ-રાત્રીય સભામાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા સ્વામી ધર્મસ્વરૂપદાસજીની અથાગ મહેનતથી કાર્યક્રમને સફળતા મળી હતી. આ રાત્રી સભાનાં આયોજનને સફળ બનાવવા મંદિરનાં સંત સમુદાયની સાથોસાથ કચ્છશ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ, ભુજનાએ ખભેખભા મિલાવી પોતાનો યથાયોગ્ય આર્થિક, શારીરિક સહયોગ આપી શ્રમ યજ્ઞમાં જોડાયા હતા.

અહેવાલ :- રાજેશ ગોર, ભુજ

## અષાઢ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. ભીમજીભાઈ વેલજી વેલાણી બધા દેવોની શિખર પરના યજમાન - સુખપર
- સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી ખીમજી હરજી હીરાણી, ધ.પ. મંજુલાબેન ખીમજી સહપરિવાર બધા દેવોની શિખર પરના યજમાન - સુખપર-રોહા
- પ.ભ. રતનાભાઈ લખમણ હીરાણી તથા ધનબાઈ રતના હીરાણી તથા મહેશ રતના હીરાણી પાંચ દેવોની શિખર પરના યજમાન - નારણપર
- પ.ભ. પટેલ માવજીભાઈ નારણ પોકાર હ. શામજીભાઈ, જયંતિભાઈ, શીવજીભાઈ સહપરિવાર - ચીખલી
- પ.ભ. લાલજીભાઈ ધનજી જેસાણી - દહીંસરા
- પ.ભ. જાદવજીભાઈ વિશ્રામ આંબા - મેઘપર
- પ.ભ. અશ્વિનીબેન હરિશ હાલાઈ (દહીંસરાવાળા) હ. સાં.યો. નીતાબેન - ન્યુઝીલેન્ડ
- પ.ભ. નિલેશભાઈ લાલજી વેકરીયા, હ. કાન્તા લાલજી વેકરીયા - નારણપર
- પ.ભ. પરેશકુમાર શંભુલાલ મજેઠીયા, મે. પરેશકુમાર એન્ડ કું. - ભુજ
- પ.ભ. પ્રીતિબેન કાંતિ હાલાઈ - સુરજપર હાલે નૈરોબી
- પ.ભ. ગૌતમભાઈ પ્રેમજી કેરાઈ - નારણપર
- પ.ભ. અ.નિ. જાદવાભાઈ માવજી હીરાણી ધ.પ. રાધાબાઈ - ભક્તિનગર
- પ.ભ. ગોપાલભાઈ રત્ના વરસાણી ધ.પ. રતનબાઈ - કોડકી
- પ.ભ. મમતાબેન હરિલાલ ભગત - રવાપર
- પ.ભ. અ.નિ. મેઘબાઈ શીવજી વેકરીયા, હ. સાં.યો. શામબાઈ ફઈ - હરિપર
- પ.ભ. દિલીપભાઈ ધનજી કેરાઈ હ. સાં.યો. શામબાઈ ફઈ - મીરજાપર
- પ.ભ. નીતિનભાઈ નારણ દબાસીયા - ભક્તિનગર
- પ.ભ. નારણભાઈ કુંવરજી રૂપાલીયા - મદનપુર
- પ.ભ. કાંતિલાલ હરજી ગોરસીયા - મદનપુર
- પ.ભ. ભીમજીભાઈ નારણ હાલાઈ - ગોડપર
- પ.ભ. નારણભાઈ કાનજી હાલાઈ - ગોડપર
- પ.ભ. વ્યોમ મનસુખ વિશ્રામ ભુવા હ. વિશ્રામ નારણ - સુખપર
- પ.ભ. જશુબેન વીરજી પિંડોરીયા હ. સાં.યો. મેઘબાઈ

મુળજી - દહીંસરા હાલે કેન્યા
- પ.ભ. હરિભાઈ નારણ સાંખલા - નેત્રા
- પ.ભ. દેવશીભાઈ વેલજી હાલાઈ - સુરજપર
- પ.ભ. જયેશભાઈ પ્રેમજી પિંડોરીયા - સુરજપર
- પ.ભ. ઘનશ્યામભાઈ દિનેશભાઈ વેલજી ગોરસીયા - સુખપર
- પ.ભ. ગોવિંદભાઈ પરબત પિંડોરીયા - સામત્રા
- પ.ભ. શામજીભાઈ વિશ્રામ રાઘવાણી - બળદીયા
- પ.ભ. હરીશભાઈ કુંવરજી ભંડેરી - સુખપર
- પ.ભ. અરવિંદભાઈ કલ્યાણ હીરાણી - કોડકી
- પ.ભ. કાનજીભાઈ માવજી ગોરસીયા - સુખપર
- પ.ભ. હિતેશભાઈ નાનજી હાલાઈ - નારણપર
- પ.ભ. કલ્યાણભાઈ કાનજી હીરાણી હ. સ્વામી શ્રીજીનંદનદાસજી - નાગલપર, અંજાર
- સાં.યો. વાલબાઈ ભચુભાઈ કેરાઈ - નારણપર ની.વા.
- પ.ભ. જશુબેન ભરત હીરાણી, હ. ભરત શામજી હીરાણી - મીરજાપર
- પ.ભ. કરસનભાઈ વિશ્રામ ભંડેરી ધ.પ. રામબાઈ, હ. વીરજી કરસન ભંડેરી ધ.પ. શામબાઈ - ભારાપર, માંડવી
- પ.ભ. સુરેશભાઈ કાનજી ગોરસીયા - ભક્તિનગર
- પ.ભ. અરૂણાબેન અશોકકુમાર ઠક્કરના સ્વાસ્થ્ય નિમિત્તે હ. સ્વામી જગતપાવનદાસજી - ગાંધીધામ
- પ.ભ. હરજીભાઈ ધનજી વરસાણી ધ.પ. રામબાઈ - મદનપુર
- પ.ભ. ધનસુખભાઈ શીવજી ભુવા હ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી - નરનારાયણનગર
- પ.ભ. ખીમજીભાઈ વેલજી પિંડોરીયા - નારણપર ઉ.વા.
- પ.ભ. નારણભાઈ માવજી ધનાણી - સુખપર
- પ.ભ. ઈશ્વરલાલ શીવજી ખેતાણી - ફોટડી
- પ.ભ. લાલજીભાઈ વેલજી ગોરસીયાની માનતા નિમિત્તે હ. કેશરબાઈ વેલજી ગોરસીયા - સુખપર
- પ.ભ. કસ્તુરબેન પ્રેમજી રવજી રાઘવાણી - બળદીયા
- પ.ભ. મિનેશભાઈ કાંતિ હાલાઈ - આસંબીયા
- પ.ભ. રામજીભાઈ કલ્યાણ હીરાણી - માનકુવા
- પ.ભ. કલ્યાણભાઈ પ્રેમજી વાલાણી - બળદીયા
- પ.ભ. નારણભાઈ રામજી ગોરસીયા - સુખપર
- સાં.યો. અમરબાઈની પ્રેરણાથી, કૈલાશ રત્ના ખેતાણી - મદનપુર
- પ.ભ. રમેશભાઈ ગોપાલ રાબડીયા - સુખપર
- પ.ભ. નિમેશભાઈ કાંતિલાલ હાલાઈ - મેઘપર આસંબીયા
- પ.ભ. જાદવાભાઈ કાનજી વરસાણી - ભક્તિનગર
- પ.ભ. હરીશભાઈ કરસન ભુવા - સુખપર
- પ.ભ. વિશ્રામભાઈ ગોપાલ મેપાણી - સુખપર
- શ્રી જાગનાથ મહાદેવ મંદિર, નારણપર ની.વા. હ. લાલજીભાઈ - નારણપર
- પ.ભ. પ્રેમજીભાઈ વેલજી વરસાણી - મીરજાપર
- પ.ભ. જશુબેન વિશ્રામ હાલાઈ - દહીંસરા હાલે મોમ્બાસા
- પ.ભ. વિશ્રામભાઈ ધનજી સેંઘાણી - નારણપર
- પ.ભ. રતનબેન કાનજી ગોરસીયા, સુરેશ કાનજી ગોરસીયા - ભક્તિનગર
- પ.ભ. નિકુલભાઈ દિનેશ અજાણી - દહીંસરા
- મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી અરવિંદ કરસન ભુડીયા - ફોટડી
- પ.ભ. વિજયભાઈ મેઘજી મેપાણી - માધાપર
- પ.ભ. કાનજીભાઈ શામજી મજેઠીયા - ભુજ
- પ.ભ. ધનબાઈ કુંવરજી વરસાણી - મદનપુર
- પ.ભ. રસીલાબેન નારણ શામજી પૂંજાણી - માનકુવા
- પ.ભ. દક્ષાબેન લાલજી કરસન વેકરીયા - સુખપર
- પ.ભ. જીતેશભાઈ પ્રેમજી શીયાણી - મીરજાપર
- પ.ભ. જાદવાભાઈ કાનજી દબાસીયા - ભક્તિનગર

પ.ભ. શાન્તાબેન કેશરા હિરાણી, નાનબાઈ કેશરા હિરાણી - ભક્તિનગર

- પ.ભ. જયોત જગદીશ રાબડીયા - કેરા
- પ.ભ. લખમણ વાગજી પિંડોરીયા - સામત્રા
- પ.ભ. વિપિનભાઈ વીરજી પિંડોરીયા - સામત્રા
- પ.ભ. હિતેશભાઈ કુંવરજી વરસાણી - સામત્રા
- પ.ભ. કેશરાભાઈ રામજી ભંડેરી - રામપર
- પ.ભ. ભાવનાબેન લાલજી કેરાઈ - નારણપર
- પ.ભ. કાનજીભાઈ ભીમજી વરસાણી - મદનપુર
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી, કલ્યાણભાઈ માવજી વેકરીયા - સુખપર
- સાં.યો. રામબાઈ રવજી ગઢવાળા વેકરીયા - મદનપુર
- પ.ભ. પ્રેમબાઈ વાલજી મેપાણી - સુરજપર
- પ.ભ. માધવભાઈ વિનોદ હીરાણી - બળદીયા
- પ.ભ. રસિકભાઈ કરસન ખેતાણી - ફોટડી હાલે મોમ્બાસા
- પ.ભ. દિનેશભાઈ રૂડા ખેતાણી - ગોડપર
- પ.ભ. અ.નિ. વિશ્રામભાઈ માવજી હિરાણી હ. સુપુત્ર નારણ વિશ્રામ સહપરિવાર - સુખપર
- શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે હ. સાં.યો. નીતાબાઈ - ભુજ
- પ.ભ. હરજીભાઈ રામજી કેરાઈ હ. રસીક - રામપર હાલે લંડન
- પ.ભ. ઈલાબેન દવે - અમદાવાદ
- પ.ભ. રમેશભાઈ ગોવિંદ હાલાઈ ધ.પ. કલ્પનાબેન રમેશ - મેઘપર
- સાં.યો. રાજકુંવરબા સાં.યો. રાધાબાઈ, વીરબાઈ હ. રસિકભાઈ સલાટ - મોરબી
- પ.ભ. સુમનભાઈ રમણભાઈ પટેલ ગ્રુપ હ. સ્વામી શ્રીજીનંદનદાસજી - અંજાર
- પ.ભ. સુરેશભાઈ રવજી ભંડેરી - વેકરા
- પ.ભ. પ્રભાબેન રમેશ હાલાઈ - માધાપર
- પ.ભ. ભાણબાઈ વિશ્રામ પરબત ભુવા - સુખપર
- પ.ભ. કવિતાબેન મહેન્દ્ર ગોરસીયા - રામપર
- પ.ભ. સજનીબેન દિનેશ વરસાણી - માનકુવા હાલે મોમ્બાસા
- પ.ભ. નિલેશભાઈ ધીરજલાલ પટેલ - ભુજ
- પ.ભ. નાનજીભાઈ મનજીભાઈ નાકરાણી - આમારા
- પ.ભ. રમેશભાઈ હાલાઈ , ધ.પ. લક્ષ્મીબેન આદિ પરિવાર - ગોધરા માંડવી
- પ.ભ. માવજીભાઈ કાનજી કેરાઈ ધ.પ. પ્રેમીલાબેન - નારણપર ઉ.વા.
- પ.ભ. વનિતાબેન દિનેશ કેરાઈ હ. કાનજી રવજી - નારણપર હાલે કમ્પાલા
- પ.ભ. વિકાસભાઈ હરિભાઈ ચૌહાણ - બેંગ્લોર
- પ.ભ. હર્ષિલભાઈ પુરુષોત્તમ માવજી ગોરસીયા હ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી - સુખપર
- પ.ભ. અ.નિ. વેલજી કરસન પોકાર ધ.પ. ગં.સ્વ. વાલબાઈ - દયાપર
- પ.ભ. સ્મિતભાઈ કિરણભાઈ ગોર - ભુજ
- પ.ભ. સુરજભાઈ દિનેશ વરસાણી - માનકુવા હાલે મોમ્બાસા
- પ.ભ. મિકુલભાઈ દિનેશ વરસાણી - માનકુવા હાલે મોમ્બાસા
- પ.ભ. દિપેશભાઈ શીવજી વરસાણી - સુખપર
- સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની પ્રેરણાથી વાલબાઈ ખીમજી ભુવા - નરનારાયણ નગર
- પ.ભ. માવજીભાઈ લાલજી હીરાણી - કોડકી

---

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ**

- પ.ભ. પ્રેમજીભાઈ ધનજી હીરાણી હ. સાં.યો. રતનબાઈ દેવજી હીરાણી - ભક્તિનગર
- સાં.યો. સંગીતાબેન પ્રેમજી હ. સાં.યો. રામબાઈ હીરાણી - સુખપર (ભુજ)
- પ.ભ. વિકાસભાઈ હરિશભાઈ ચૌહાણ - બેંગ્લોર
- પ.ભ. શાંતાબેન પ્રેમજી - મદનપુર

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રીઘનશ્યામ એકેડેમી (C.B.S.E.) નારણપરના વિદ્યાર્થીઓની ખેલજગતમાં

**સિધ્ધિ:** તા. ૨૫-૭-૧૫ના રોજ આર.ડી. વરસાણી સ્કૂલ ભુજ મધ્યે તાલુકા કક્ષાની અંડર ૧૪ વોલીબોલ (બોયસ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ તાલુકાની અનેક શાળાઓ સાથે શ્રીઘનશ્યામ એકેડેમી (C.B.S.E.) સ્કૂલે પણ ભાગ લીધો હતો. આ સ્કૂલની વોલીબોલ ટીમે સૌ પ્રથમ ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલય સામે મેદાનમાં ઉતરી વિજય પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ વાઈટ હાઉસ પબ્લિક સ્કૂલ પ્રતિસ્પર્ધી ટીમને પાછળ રાખી જીત પોતાના નામે કરી હતી. ધો. ૭ અને ૮નાં વિદ્યાર્થીઓ વરસાણી સ્મિત, વેકરીયા પ્રિતમ, વરસાણી મિલન, છભાડિયા પંકજ, હિરાણી ધૈર્ય, વેકરીયા અંકિત, શિયાણી રસીક, વરસાણી અવધેશ, વરસાણી જયેશ, વેકરીયા ઘનશ્યામ, હાલાઈ સુમિત તથા શાળાના સ્પોર્ટ ટીચર વેકરીયા કલાવંતીબેનના અથાગ પરિશ્રમથી શ્રેષ્ઠ દેખાવ કરી તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી આ ટીમ જિલ્લા કક્ષાએ પસંદગી પામી હતી.

**રમત-ગમતની જુદી જુદી સ્પર્ધામાં શ્રી ઘનશ્યામ એકેડમી-નારણપરનો દબદબો :** નારણપર : ભુજ તાલુકા કક્ષાએ રમાઈ ગયેલી વિવિધ ખેલ સ્પર્ધાઓમાં નારણપરની અંગ્રેજી માધ્યમની શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) સ્કૂલે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. પિંડોરીયા હનિશ કેરમમાં સમગ્ર જીલ્લામાં પ્રથમ ક્રમાંકે રહ્યો હતો. અને રાજ્ય કક્ષાએ રમવા જશે. ગત સપ્તાહમાં યોજાયેલી જૂથ રમતોમાં ખો ખોની રમતમાં જીલ્લા કક્ષાની ટીમમાં ત્રણ ખેલાડીઓ હિરાણી ઘનશ્યામ, વરસાણી સ્મિત અને વરસાણી જયેશ પસંદગી પામ્યા હતા.

એથ્લેટિક સ્પર્ધામાં પણ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. વિઘ્નદોડ ૮૦ મીટરમાં વરસાણી જયેશ પ્રથમ, ૨૦૦ મીટર દોડમાં વરસાણી જયેશ પ્રથમ, ૧૦૦ મીટર દોડ અને ૧૦૦ મીટર દોડમાં હિરાણી ઘનશ્યામ પ્રથમ, ઊંચીકૂદમાં હિરાણી ઘનશ્યામ તૃતીય તથા ૪૦૦ મીટર દોડમાં વેકરીયા દિનેશ દ્વિતીય, વિઘ્નદોડમાં રાબડીયા મેહુલ તૃતીય, ૧૦૦મી. દોડમાં રાબડીયા રાહુલ તૃતીય, ગોળાફેંકમાં વરસાણી અવધેશ તૃતીય ક્રમે રહ્યા હતા. અંડર ૧૭ કક્ષાની રમતમાં હિરાણી ઘનશ્યામ ૧૫૦૦ મીટર દોડમાં તૃતીય, પિન્ડોરીય પ્રશાંત વિઘ્નદોડમાં ૧૦૦ મીટરમાં પ્રથમ તથા લાંબીકૂદમાં તૃતીય રહ્યા હતા. બહેનોની અંડર ૧૪ રેસમાં ૨૦૦ મીટર દોડમાં હાલાઈ જયશ્રીએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ ઝળહળતી સિધ્ધિ પામેલા તમામ વિદ્યાર્થીઓને શાળાના સંચાલક સંતો સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા ટ્રસ્ટીશ્રી અરજણભાઈ ગાજપરીયા, રત્નાભાઈ કેરાઈ, શિવજીભાઈ વેકરીયા, મુકેશભાઈ વેકરીયા તથા નવીનભાઈ પાંચાણી તેમજ શાળાના આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદજી, રમતગમત શિક્ષિકા કલાવંતી વેકરીયા તથા મદનલાલ મીના અને શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા. આવતા મહિને યોજાનારી જીલ્લા કક્ષાની

સ્પર્ધામાં સ્થાન પામેલા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી પ્રગતિ માટે આશીર્વાદ આપ્યા હતા.

---

## નારણપર : તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંચાલિત શ્રીઘનશ્યામ એકેડેમી (C.B.S.E.) નારણપરનું ધો.૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧૦૦% આવેલ છે. શાળાના ધો.૧૦ના આ પ્રથમ બેંચે શાળામાં અપાતા ગુણવત્તાયુક્ત શિક્ષણનો પરિચય આપી શાળાનું ગૌરવ વધાર્યું છે. ૧૦૦% પરિણામમાં ૧૧ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ (૯૦% to ૮૦%) મેળવેલ. શાળાની આ સિધ્ધિ બદલ સંચાલક સંતો, ટ્રસ્ટીઓ અને વાલીઓએ આચાર્યશ્રી તથા શૈક્ષણિક કર્મચારીઓને અભિનંદન આપ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આવા ઉત્તમ પરિણામ પાછળ શાળાના શિક્ષકગણની આથાગ મહેનત રહી છે, તેઓને પ્રોત્સાહનરૂપે પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ શ્રેષ્ઠ દેખાવ કરનાર પ્રથમ પાંચ વિદ્યાર્થીઓને પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા હતા. શિક્ષણપ્રેમી દાતા નાનજીભાઈ મેઘજીભાઈ હિરાણી (નારણપર ની.વા. હાલે લંડન) દ્વારા પણ પારિતોષિક એનાયત કરવામાં આવેલ. આ કાર્યક્રમને સંબોધતાં પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં પ.પૂ. સ્વામી ધર્મચરણદાસજીએ આશીર્વચનો પાઠવેલ.

આવી નોંધપાત્ર સફળતા બદલ શાળાના સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા ટ્રસ્ટી સર્વશ્રી અરજણભાઈ ગાજપરીયા, રત્નાભાઈ કેરાઈ, શિવજીભાઈ વેકરીયા, મુકેશભાઈ વેકરીયા તથા નવીનભાઈ પાંચાણી તેમજ આચાર્યશ્રી જીતેન્દ્રભાઈ ખેમચંદજીએ શુભકામના પાઠવી વિદ્યાર્થીઓને પ્રગતિ માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ :- આચાર્યશ્રી

---

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ માધાપર

ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપા તથા વડીલ સંતોના તથા માવિત્રોના આશીર્વાદથી ગામ માધાપર બંને મંદિરમાં પ.ભ. રામજીભાઈ લાલજી વરસાણી ધર્મપત્ની દેવબાઈ સુપુત્ર હરીશ તથા ભરત સુપુત્રી હંસાબેન પુત્રવધુ પુષ્પાબેન સુપૌત્રી ખુશી તથા જાન્હવી જમાઈ નરેશ આદિ પરિવાર તરફથી તા. ૮-૮-૧૫ શનિવાર થી તા. ૧૨-૮-૧૫ બુધવાર સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન ભુજ મંદિરના સંતોમાં સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સર્વે સંતોના વરદ્ હસ્તે તથા ગામ માધાપર મંદિરની કાર્યવાહી કમીટી તથા સર્વે સત્સંગી બાઈ-ભાઈના સથવારે સારી રીતે યજમાનશ્રીની ઈચ્છાનુસાર પૂર્ણ કરવામાં આવેલ.

આ પંચાહ્ન પારાયણના વક્તાપદે શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી તથા શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજી એ શ્રીકૃષ્ણ ભગવાનની દિવ્ય લીલા ચરિત્રોને ખૂબ સારી રીતે વર્ણવી અમૃતપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે શ્રોતાજનોને ખૂબ જ રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે મંડળના વડીલ સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી તથા સ.ગુ. સ્વામી હરિબળદાસજી તથા સ્વામી રામાનુજદાસજી, સ્વામી માધવચરણદાસજી તથા પાર્ષદ આદિના સહકારથી પાંચે દિવસના પ્રસંગોમાં હાજર રહી હરિભક્તોને રાજી કર્યા હતા.

કથાના બીજા દિવસે શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં શાસ્ત્રી સ્વામી ધર્મવિહારીદાસજી તથા પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી ભુજથી પધાર્યા હતા અને નાના બાળરાસ ઉત્સવમાં કીર્તન દોહા સાથે કૃષ્ણ જન્મોત્સવ

# અષાઢ સુદ-૨ કચ્છી નવા વર્ષે લંડનમાં ભવ્ય રથયાત્રા ઉત્સવ હેરો તથા સ્નેટમોર મંદિરના ઉપક્રમે ધામધૂમથી ઉજવાયો.












# ભવ્ય બદ્રિકાશ્રમ તથા વૃંદાવનધામ પ્રદર્શન સાથે હિંડોળા ઉદ્‌ઘાટન મહોત્સવ-માંડવી
















# લીગ કપમાં યુવક મંડળના યુવાનો તથા યુવતીઓ-યુ.કે.













## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ પ્રસંગે પધારેલ પૂ. મહારાજશ્રી તથા મહંત સ્વામી સાથે યજમાન પરિવાર-બળદિયા














શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં હિંડોળા ઉત્સવમાં સિંહવતી ગુફા,
શત શૃંગ પર્વત તથા ડાયમંડ હિંડોળાનું ઉદ્‌ઘાટન–ભુજ






હરિભક્તોના ઉતારા નીલકંઠ ભુવન ઉદ્‌ઘાટન કરતા પૂજ્ય મહારાજ શ્રી તથા મહંત સ્વામી–ભુજ

ઉજવાયો હતો. તે જ દિવસે રાત્રે યજમાન પરિવારના સુપૌત્રી ખુશી તથા જાન્હવીના જન્મદિવસ નિમિત્તે બંને મંદિરમાં ખૂબ જ ધામધૂમથી સંતોના સાંનિધ્યમાં રાસોત્સવનું આયોજન થયેલ હતું. ત્રીજા દિવસે રાત્રે યજમાન પરિવારના ઘરે બેન્ડપાર્ટી, મંડળી, લેઝીમ આદિ વાજીંત્રો સાથે ઠાકોરજીની પધરામણી કરવામાં આવેલ. ચોથા દિવસે સંતો યજમાનના ઘરે પગલાં કરવા તથા ઠાકોરજીને થાળ જમાડવા માટે પધાર્યા હતા. ચોથા દિવસે રાત્રે વિશેષ રાત્રી સભાનું આયોજન રાખેલ હતું. અને વક્તાપદે શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજીએ સુખી પરિવાર એ વિષે મહાભારત તથા રામાયણના પાત્રોને યાદ કરી અને ખૂબ જ સારી સમજણ પૂર્વક ભલામણ કરી યુવાવર્ગને રાજી કર્યા હતા. પાંચમા દિવસે એક ટાઈમ પટેલ જ્ઞાતિને ગામ જમણવાર યજમાન પરિવાર તરફથી રાખવામાં આવેલ. અને સમાપ્તિના ટાઈમે છાબનું સમૈયું આવ્યા બાદ સંતોના આશીર્વાદ, કથાના યજમાનને પહેરામણી, ઉત્તરવિધિ, પોથીપૂજન, વક્તાપૂજન કરી સમાપ્તિની આરતી ઉતારી ધૂન્ય, કીર્તન સાથે કથાને પૂર્ણ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રી અરજણભાઈ ભુડીયા

---

## માંડવી મંદિરે હિંડોળા ઉદ્‌ઘાટન મહોત્સવ

અષાઢ-શ્રાવણ પવિત્ર માસમાં આવતા હિંડોળા મહોત્સવ સંપ્રદાયમાં ઉજવાય છે પણ કચ્છમાં વિશેષ પ્રકારે ઉજવાય છે તેમાં ભાવિક ભક્તો દર્શનનો લાભ લે છે.માંડવી મંદિરે હિંડોળા સાથે શ્રી સહજાનંદ મંડપમાં બદ્રીકાશ્રમ ધામમાં ઋષિ મુનિઓને ઉપદેશામૃતનું પાન કરાવતા શ્રીનરનારાયણ દેવના દર્શનની ઝાંખી કરાવે છે.બીજું વૃંદાવન ધામમાં કુંજગલીમાં હિંડોળે ઝૂલતા રાધાજી અને શ્રીકૃષ્ણ ભગવાન, કાલિય નાગદમન, ચિર હરણ તથા ગિરિરાજ ગોવર્ધન વગેરે લીલાના દર્શન કરી હૃદયમાં શાંતિની અનુભૂતિ ભક્તજનો કરે છે અને કહે છે અહીં તો પ્રત્યક્ષ ધામની અનુભુતિ થાય છે.

બન્ને ધામ અને હિંડોળા તથા મંદિરના મંડપમાં સ્વામી માધવપ્રિય દાસજીના માર્ગદર્શન હેઠળ માંડવીના યુવક મંડળના યુવાનો દ્વારા હજાર સાડીઓથી સુશોભિત કરવામાં આવ્યો છે સજાવટની તૈયારી મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી,પુ.સ્વામી યજ્ઞપુરુષદાસજી,પુ.સ્વામી શ્રીહરિદાસજી,શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી, પુ.સ્વામી નિલકંઠચરણદાસજીની આજ્ઞાથી કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી, શા.સ્વામી ઘનશ્યામસેવકદાસજી તથા સ્વામી સુખનંદનદાસજી, ભંડારી પુ.અક્ષરસ્વરૂપદાસજી, પાકશાસ્ત્રી પુ.સ્વામી ધર્મપ્રિયદાસજી ના સહકારથી પુ.રાધારમણદાસજી, શા.નારાયણપ્રિયદાસજી તથા માધવપ્રિયદાસજીની નજર સમક્ષ પિયાવા, નાગલપર તથા માંડવી કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો સેવા કરી છે. પૂજારી શા.સ્વામી કૃષ્ણવિહારીદાસજી તથા શા.શ્રીરંગદાસજીએ નવા નવા શણગાર કરી દર્શનાર્થીના દિલ જીતી લીધા હતા.

તા.૧૦-૮-૧૫ એકાદશીના દિવસે ઉદ્‌ઘાટન પ્રસંગે ભુજ, અંજાર તથા પ્રસાદી મંદિર ભુજ અને શૈક્ષણિક સંસ્થાના સંચાલકો સંતો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. ભુજથી મહંત સદ્.પુ. સ્વામી ધર્મનંદનદાસજી ,સદ્.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા કોઠારી દેવપ્રકાશદાસજી આદિ સંતો તથા અંજાર મંદિરના મહંત સદ્. સ્વામી નિરન્નમુક્તદાસજી આદિ સંતો પધાર્યા હતા. બન્ને ધામ તથા હિંડોળાના યજમાનશ્રીને પુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી, પુ.સ્વામી શ્રીહરિદાસજી, શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા પાર્ષદ જાદવજી ભગત સૌ યજમાનો તથા સભાજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા અને કોઇ પણ

ધન્યવાદ આપી સન્માન્યા હતા. સભા સંચાલક શા.ભક્તિપ્રિયદાસજીએ યજમાનશ્રીના નામો સભામાં સંભળાવ્યા ત્યારે હરિભક્તોનો આનંદ અતિ બેવડાયો હતો અને હાથ તાળીથી સભામંડપ ગજાવી મૂક્યો હતો.

સૌ પ્રથમ નિજમંદિરમાં હિંડોળાને ખુલ્લા મૂકી મહંત સ્વામી સર્વે સંતો સાથે યજમાનશ્રીએ આરતી ઉતારી હતી.સહજાનંદ મંડપમાં બન્ને ધામના મુખ્ય ગેટના ઉદ્‌ઘાટનના યજમાનશ્રી ૩પ મહંત સાં.યો. કાનબાઈની પ્રેરણાથી મુરજીભાઈ જેઠા રાબડિયા સુપુત્ર કાનજીભાઈ પૌત્ર જાદવજી તથા કિશોર સહપરિવાર સાથે મહંત સ્વામીના વરદ્ હસ્તે ખુલ્લું મુકાયું અને બન્ને ધામની આરતી કરી તથા હિંડોળાના યજમાનશ્રીઓ સંતો સાથે આરતી કરી મોક્ષભાગી બન્યા હતા.તે યજમાનશ્રીઓની નામાવલી આ પ્રમાણે છે.

બન્ને ધામના ઉદ્‌ઘાટનના યજમાનશ્રી મુરજીભાઈ જેઠા રાબડિયા સુપુત્ર કાનજીભાઈ પુત્ર જાદવજી તથા કિશોર સહપરિવાર-મસ્કા (માંડવી), વાલજીભાઈ કરસન હિરાણી સહપરિવાર-બળદિયા (ઓસ્ટ્રેલિયા),કલ્યાણભાઈ રત્ના હિરાણી સહપરિવાર-ભક્તિનગર (નૈરોબી), લખમણ લાલજી વરસાણી સહપરિવાર-માંડવી, પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી પુત્ર રવિભાઈ સહપરિવાર-બળદિયા (સીસલ્સ), માતૃશ્રી ધનબાઈ રવજી વરસાણી પુત્ર કિશન સહપરિવાર-કેરા(મોસી), પિતાશ્રી અ.નિ. શીવજીભાઈ વિશ્રામ ભુડિયા પુત્ર ખીમજીભાઈ સહપરિવાર- માંડવી (નૈરોબી),નારણ મનજી કેરાઈ સુપુત્ર અ.નિ. કલ્યાણભાઈ તથા કાન્તિભાઈ સહપરિવાર-બળદિયા (નૈરોબી), અ.નિ. ગાંગજીભાઈ કરસન વેકરીયા સુપુત્ર હરજીભાઈ સહપરિવાર-માંડવી,અ.નિ.મેઘજીભાઈ નારણ પિંડોરીયા સુપુત્ર વીરજીભાઈ સહપરિવાર-માંડવી (નૈરોબી), અ.નિ. પ્રેમજીભાઈ કરસન છભાડિયા સુપુત્ર હિરજીભાઈ સહપરિવાર-માંડવી (કિટાલે), લાલજીભાઈ કલ્યાણ શિયાણી સહપરિવાર-માનકુવા (મોમ્બાસા), લાલજીભાઈ મનજી ગાજપરીયા-માંડવી તથા ભુપેન્દ્રભાઈ માવજી ઠક્કર-ભુજ, જીતુભાઈ કરસન રાઘવાણી સહપરિવાર-બળદિયા (નૈરોબી), શીવજીભાઈ શામજી વેકરીયા સહપરિવાર-માંડવી (નૈરોબી), સુરેશભાઈ, લક્ષ્મણભાઈ તથા દિનેશભાઈ ભીમજી ભુડિયા-ફોટડી (નૈરોબી),કલ્યાણભાઈ પ્રેમજી રાબડિયા સહપરિવાર-માંડવી(નૈરોબી), કુંવરજીભાઈ જાદવજી છભાડિયા સહપરિવાર-માંડવી (નૈરોબી), નાનદાસભાઈ શામજી વરસાણી સહપરિવાર-માધાપર(લંડન), વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા સહપરિવાર-માધાપર (ઓસ્ટ્રેલિયા), અશ્વિનભાઈ જેન્તીભાઈ પુત્ર હેમાંગ સહપરિવાર-દુબઈ, લાલજીભાઈ રત્ના જેશાણી સહપરિવાર-દહીંસરા(નૈરોબી), પ્રેમજીભાઈ દેવજી વેકરીયા સહપરિવાર -નારણપર(નૈરોબી), દિનેશભાઈ મનજી રાબડિયા સહપરિવાર-માંડવી(નૈરોબી), કરસનભાઈ રામજી હાલાઈ સહપરિવાર- કોડકી, પ્રેમજીભાઈ મનજી ભંડેરી સુપુત્ર હરેશભાઈ સહપરિવાર-પિયાવા(નૈરોબી), માવજીભાઈ નારણ ગોરસીયા-સુખપુર(સીસલ્સ), શામજીભાઈ નારણ કેરાઈ સહપરિવાર-માંડવી (નૈરોબી), કાન્તિભાઈ કેશવજી વેકરીયા સહપરિવાર-નારણપર(લંડન), હરિશભાઈ નાનજી પિંડોરીયા સહપરિવાર-દહીંસરા(નૈરોબી), ગોવિંદભાઈ ધનજી રાબડિયા-રામપર(ભુજ), મનજીભાઈ નારણ ગોરસીયા સહપરિવાર-માનકુવા (મોમ્બાસા), શામજીભાઈ વેલજી કારા સહપરિવાર-દહીંસરા(નૈરોબી), મેઘજીભાઈ લાલજી વેકરીયા સહપરિવાર-પિયાવા(માંડવી), હીરજીભાઈ હરજી હીરાણી સહપરિવાર-રામપર(નૈરોબી), કલ્યાણભાઈ રામજી વેકરીયા સહપરિવાર-રામપર(નૈરોબી), મહંત

સાં.યો.રતનબાઇ આદિ શિષ્ય મંડળ-માંડવી, ઉ.મ. સાં.યો.કાનબાઇ આદિ શિષ્યમંડળ-માંડવી, સાં.યો.નાનામેઘબાઇ આદિ શિષ્ય મંડળ-માંડવી, સાં.યો.મોટા મેઘબાઇ આદિ શિષ્ય મંડળ-માંડવી, રામભાઇ મથરાદાસ કપટા-માંડવી, ગં.સ્વ.રામબાઇ રવજી હાલાઇ સુપુત્ર અરજણભાઇ તથા રામજીભાઇ સહપરિવાર-નાગલપર(માંડવી),ધનજીભાઇ કેશરા વેકરીયા સહપરિવાર-નાગલપર(માંડવી), ભીમજીભાઇ મનજી ગાજપરીયા સહપરિવાર-પિયાવા (માંડવી), માવજીભાઇ મનજી લધા ગાજપરીયા-પિયાવા(માંડવી), અ.નિ.રતનબાઇ જાદવજી છભાડિયા સુપુત્ર દેવજીભાઇ સહપરિવાર-પિયાવા(માંડવી),ધનજીભાઇ વિશ્રામ રાબડિયા સહપરિવાર -પિયાવા,દેવજીભાઇ વીરજી હિરાણી સહપરિવાર-માંડવી,મનજીભાઇ મુરજી કેરાઇ સહપરિવાર-માંડવી,કાનજીભાઇ નારણ ભુડિયા સહપરિવાર-ભક્તિનગર,જગદિશભાઇ દેવશી વાઘાણી-સુખપુર, દેવજીભાઇ પ્રેમજી હીરાણી સહપરિવાર-માંડવી,વિશ્રામભાઇ મનજી ગાજપરીયા-પિયાવા, દિનેશભાઇ વાલજી કારા-નાગલપર, ખીમજીભાઇ રામજી હાલાઇ-નાગલપર,ભરતકુમાર ધનજી આસાણી-માંડવી(લંડન).

આવા દાનવીર દાતાશ્રીઓને મહંત સ્વામી આદિ સંતોએ અંતરના રૂડા આશીર્વાદથી બીરદાવ્યા હતા.હિંડોળાની સજાવટમાં જે યુવાનોએ સેવા કરી તથા રસોડામાં જે હરિભક્તો ભાઇઓ તથા બહેનોએ સેવા કરી તેને પણ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.છેલ્લે જયનાદ ઘોષ કરી સભાને વિસર્જન કરી હતી અને પ્રસાદ લઇને છુટા પડ્યા હતા.

અહેવાલઃ- કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી

---

## શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ ૬૯મો સ્વાતંત્ર્યદિન

૬૯મા સ્વાતંત્ર્યદિને વિદ્યાલયના પટાંગણમાં વિદ્યાસંકુલના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીના હસ્તે ત્રિરંગો ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે દેશ માટે સમર્પણ તથા બલિદાનની ભાવના હોય તો જ તે દેશ શિખરોને સર કરી શકે છે. કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતાએ પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું કે સારા અને સાચા નાગરીકો જ દેશનું ઘડતર કરી શકે છે. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે આશીર્વચન પાઠવ્યા હતા.

સ્વાગત તથા પાસંગિક પ્રવચન આપતાં શાળાના આચાર્યશ્રી મગનભાઈ સુથારે સ્વાતંત્ર્ય મેળવવા માટે શહીદોના બલિદાનને યાદ કરી હકારાત્મક રીતે આગળ વધવા વિદ્યાર્થીઓને પ્રેર્યા હતા. સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ યુવાનો તથા દીકરીઓના બલિદાનને યાદ કરી વિદ્યાર્થી મિત્રોએ જાગૃતતા દાખવવી એ આજના જમાનાની તાતી જરૂરિયાત છે તેમ ઉમેર્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો, નૃત્ય તથા નયન રમ્ય પીરામીડ રજૂ કરી શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી જગતવિહારીદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, કોઠારી સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી તથા સ્વામી મુક્તમુનિદાસજી ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટીગણમાંથી મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ, જગદીશભાઈ વાઘાણી, દિનેશભાઈ, લાલજીભાઈ રૂપાલીયા તેમજ જાદવાબાપાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રસંગને દીપાવવા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ હાજર રહ્યા હતા.

એન.એસ.એસ. સ્કાઉટ તથા શાળાના વિદ્યાર્થીઓએ જયઘોષના નારા સાથે વાતાવરણને દેશભક્તિમય બનાવ્યું હતું.

શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળા સંકુલના તમામ શિક્ષકગણે ઉપસ્થિત રહી વ્યવસ્થા સંભાળેલ હતી.

અહેવાલ :- આચાર્યશ્રી મગનભાઈ સુથાર

---

## તાલુકા કક્ષાની કબડ્ડીમાં શ્રીઘનશ્યામ એકેડમી, નારણપર મોખરે

ભુજ તાલુકા કક્ષાની કબડ્ડી ખેલ સ્પર્ધામાં નારણપરની શ્રીઘનશ્યામ એકેડેમી (C.B.S.E.) નું વર્ચસ્વ રહ્યું હતું. આર.ડી. વરસાણી હાઈસ્કૂલમાં યોજાયેલ અંડર ૧૪ કક્ષાની કબડ્ડી રમતની સ્પર્ધામાં ફાઈનલ અગાઉના બે રાઉન્ડ જીતી, તાલુકા કક્ષાએ અવ્વલ રહ્યા હતા. આ ટીમમાં મેપાણી કરણ, હિરાણી ઘનશ્યામ, મેપાણી દિપેન, ભંડેરી પંકજ, શિયાણી અંકિત, વેકરીયા હિતેશ, વેકરીયા પ્રિતમ, વાઘજીયાણી અનિશ, હિરાણી રવિ, વેકરીયા ઘનશ્યામ, કેરાઈ મિતેશ તથા પિંડોરીયા અંકેશ વગેરે ભાગ લીધો હતો. તેઓ જીલ્લા કક્ષાની રતમ ગમ્મત સ્પર્ધામાં ભાગ લેશે.

અહેવાલ :- આચાર્યશ્રી

---

## શ્રીહરિ વિદ્યા મંદિરના પ્રાંગણમાં ૬૯મા સ્વાતંત્ર પર્વની ઉજવણી

તા. ૧૫-૮-૨૦૧૫, શનિવારના રોજ શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી દ્વારા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિરના પ્રાંગણમાં ૬૯મા સ્વાતંત્ર પર્વની ભાવ સભર ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે રાષ્ટ્રીય ફરજને અદા કરવા સંસ્થાના પ્રમુખ શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી જગતપ્રકાશદાસજી, સ્વામી અદ્ભુતચરણદાસજી, ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી, સ્વામી સદ્ગુણસ્વરૂપદાસજી, સંસ્થાના ઉપપ્રમુખ પ.ભ. ભીખાલાલ લાલજી રાબડીયા, ટ્રસ્ટીશ્રી હરજીભાઈ ખોડાભાઈ વેકરીયા, શિક્ષણ સમિતિના પ્રમુખશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, શાળાના નિયામકશ્રી શિવશંકરભાઈ નાકર આદિ નિમંત્રિત હરિભક્તો, સંઘ સ્વરૂપે કચ્છ પધારેલા મૂળ અબડાસા વિસ્તારના ૫૦ જેટલા હરિભક્તો, બહોળી સંખ્યામાં વાલીશ્રીઓ, ગુરુકુલ એવમ્ શાળા કર્મચારી ગણ અને વિદ્યાર્થીઓ પૂર્ણ સમય ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસંગના પ્રથમ ચરણમાં સૂર્ય નારાયણના પ્રાતઃકિરણોની નિશ્રામાં સંતો અને મહેમાનોના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજને સહસન્માન મુક્ત ગગનમાં લહેરાવવામાં આવેલ. બીજા ચરણમાં પ્રસંગને શોભાવવા ઉપસ્થિત સર્વેનું શાળાના પ્રધાનાચાર્યશ્રી નયનભાઈ ચાવડાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. પ્રસાદીની પુષ્પમાળા અને શાળાની શિક્ષિકા બહેનો દ્વારા સ્વહસ્તે નિર્મિત સુંદર પુષ્પગુચ્છ વડે પૂજનીય સંતો અને નિમંત્રિત મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આશીર્વચન આપતા સંસ્થા પ્રમુખ શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજીએ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ જીવનશૈલી અપનાવી અને માતૃભાષામાં બાળકોને શિક્ષણ અપાવી આ મોંઘા મૂલી આઝાદીનું જતન કરવાની સર્વેને આહ્વાન સભર ભલામણ કરી હતી.

સ્વાતંત્ર પર્વ નિમિત્તે પ્રેરક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં અભિનયસહ પ્રાર્થના (હે પરમેશ્વર મંગલદાતા, શાળાની નિત્ય પ્રાર્થના), ઉપદેશ બાળગીત (સમુહગીત ધો.૬, શાળા સ્પર્ધામાં પ્રથમ, આ વાત કદી ન ભુલાય..), વક્તવ્ય (મકવાણા રોહિત ધો.

૧૨), પિરામીડ (ધો. ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા), દેશ ભક્તિગીત (કંધો સે મિલે કંધે..), એક પાત્રીય અભિનય (નજર નસાઈ ગઈ માલિક..) કસુંબલ ડાયરો (બાળ કલાકાર દેવજી આહીર અને દર્શન ગોગારીના કંઠે..) જેવી આનંદ અને પ્રેરણાદાયી રજુઆત કરવામાં આવેલ જેને ઉપસ્થિત સૌ નાગરિકો દ્વારા વિવિધ પ્રકારે વધાવી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સૌને મનમોજ કરાવી નાચવા અને ગોર કરવા આકર્ષિત કરનાર કસુંબલ ડાયરાની ભવ્ય રજુઆતથી આનંદિત થયેલ ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજીએ બાળ કલાકારો અને સાજીંદાઓને પ્રોત્સાહિત કરવા સ્વકંઠે સ.ગુ. પ્રેમાનંદ સ્વામી રચિત સુમધુર ક્વાલી, દુહા અને છંદનું ગાયન કરી વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

આભાર દર્શન અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષકશ્રી મોહનભાઈ બારોટ દ્વારા થયું હતું. પ્રસંગને શોભાવવા સંચાલક સંતો સહિત ગુરુકુલ તેમજ શાળાના સર્વે કર્મચારી અને વિદ્યાર્થી બંધુઓએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી, શ્રીહરિ વિદ્યામંદિર

---

## શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ,માંડવી મધ્યે ૬૯માં સ્વાતંત્ર્યદિનની રંગારંગ કાર્યક્રમ સાથે ભવ્યાતિભવ્ય ઉજવણી

શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય, માંડવી ખાતે સ્વાતંત્ર્યપર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. પૂ. સંતો, મહેમાનો વિદ્યાર્થીઓની હાજરીમાં સવારે ૯:૦૦ કલાકે સંસ્થાના અધ્યક્ષ પ.પૂ. શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીના વરદ્‌હસ્તે ત્રિરંગો લહેરાવી સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પરેડ અને સમુહ કવાયતના દાવ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓના રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભુજ પ્રસાદી મંદિરેથી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી તથા શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી પરમહંસદાસજી એ માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી અને દાતાશ્રીઓમાં પ.ભ. ગોપાલભાઈ લાલજી કરશન વેકરીયા - રામપર નાઈરોબી તથા રામજીભાઈ વરસાણી, નારણભાઈ રામજી તથા હર્ષિત આદિ સામત્રા નાઈરોબી પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. અતિથિપદે પધારેલ દાતાશ્રીઓના દીપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ શરૂ થયેલ. જેમાં દેશભક્તિગીત, માઈમ, હાસ્યનાટિકા, ઐતિહાસિક નાટક, દેશભક્તિગીતો તેમજ તલવાર રાસ રજૂ કરી સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

શરૂઆતમાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મા. અને ઉ.મા. વિભાગના આચાર્યશ્રી મદનસિંહ ચાવડાએ રાષ્ટ્રપ્રત્યેની ભાવના ઉજાગર કરવાનું આહવાન કર્યું હતું. સંસ્થાના અધ્યક્ષ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ પધારેલ મહેમાનોનું સન્માન કરી આશીર્વચન પાઠવ્યા હતા. રાષ્ટ્રીય કાર્યક્રમની ઉજવણીમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના આચાર્યશ્રી તેમજ શિક્ષક ભાઈ-બહેનોએ સંપૂર્ણ જવાબદારી સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગદીશ મહેતાએ કર્યુ હતું.

અહેવાલ :- આચાર્યશ્રી

---

## હિંડોળા દર્શન પ્રસાદી મંદિર, ભુજ

ઉત્સવોની પરંપરા મુજબ શ્રાવણ માસમાં હિંડોળા ઉત્સવ ઉજવાય છે. આ ઉત્સવને કચ્છના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. અને દર વર્ષે સંપ્રદાયના સમસ્ત મંદિરોમાં હિંડોળા મહોત્સવને ધામધૂમથી ઉજવવામાં આવે છે.

આ વર્ષે શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ (પ્રસાદી મંદિર)માં પ.પૂ. સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજીના શિષ્ય સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજીના મંડળનો ક્રમ હોતાં મંડળના સમસ્ત નાના મોટા સંતો મળી હિંડોળા ઉત્સવને બહુ જ સારી રીતે ઉજવવાનો નિર્ણય કર્યો.

આ ઉત્સવની પૂર્વ તૈયારી કરવા માટે પુરાણી સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, કોઠારી સ્વામી વેદપ્રકાશદાસજી અને સ્વામી ભક્તિવેદાંતદાસજી આદિ સંતોને નીમવામાં આવ્યા હતા. આ સંતો સાથે મળી દર્શનીય હિમાલયની સાથે તેની તળેટીમાં આવેલી સિંહવતી ગુફા, ત્યાંથી અંદર પ્રવેશતાં આઠ હિંડોળાના ભાતભાતની રંગોળી સાથે દર્શન, ત્યાંથી આગળ જતાં વિશાળ શતશૃંગ પર્વત દર્શન અને તેની બન્ને બાજુ તળેટીમાં ચાર હિંડોળાના દર્શન અને તેની બરાબર સામે દિવ્ય રંગબેરંગી ડાયમંડની મધ્યમાં વિશાળ હિંડોળામાં દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તેની સાથોસાથ અંતરિક્ષ ટ્રેનોમાં બેસીને અંતરિક્ષ દર્શનની સાથે બ્રહ્મલોક, વિષ્ણુલોક તથા શિવલોકનાં આમ ત્રિલોકના અદ્‌ભૂત દર્શન કરાવીને ત્યાંથી ઘનશ્યામ કુંજ વિહારના દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમસ્ત આયોજનને આર્થિક રીતે પહોંચી વળવા માટે દેશ-વિદેશમાં વસતા હરિભક્તો જેમકે, કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનીયા, ઓસ્ટ્રલીયા તેમજ યુ.કે. અને દેશમાં વસતા સમસ્ત હરિભક્તોએ ખુલ્લા દિલથી હસ્તા હૈયે અથાગ આર્થિક સેવા કરેલ છે. જેની વડીલ સંતોએ અંતરમાં નોંધ લીધી છે.

આ દિવ્યદર્શનનું શુભ ઉદ્‌ઘાટન ભુજ મંદિરના મહંત પ.પૂ. સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા શા. સ્વામી નારાયણમુનિદાસજી તથા પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજી તથા ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી સાથે યજમાન હરિભક્તોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ ઉદ્‌ઘાટન સમારોહમાં આશીર્વાદ આપતાં પ.પૂ. મહંત સ્વામીશ્રીએ આ મહાન સેવાકાર્યોમાં આર્થિક સહયોગ આપનાર દેશ-વિદેશમાં વસતા હરિભક્તોને અંતરના શુભ આશિષ પાઠવતાં વિશેષ જણાવ્યું કે હરિભક્તોની શુભ સંપત્તિનો આજ સદ્‌ઉપયોગ છે. અને આ હરિભક્તોએ ઉપયોગ કરી જાણ્યો છે, કરી રહ્યા છે અને આગળ પણ વિશેષ કરતા રહેશે એવા શુભ આશિષ સાથે ભગવાન શ્રીસ્વામિનારાયણ તથા એમના જ સ્વહસ્તે સ્થાપિત એમના જ સ્વસ્વરૂપ ભગવાન શ્રીનરનારાયણદેવના જયઘોષની સાથે આ દિવ્ય દર્શનને દર્શનાર્થી હરિભક્તો માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતાં.

આવા ભગવાનમય રમણીય દર્શનીય કાર્યમાં માધાપર તથા મદનપુર, સુખપર તથા માંડવી યુવાન હરિભક્તોનો ખુબ જ સાથ સહકાર સાંપડ્યો છે. તથા અંજારના બહેનો દ્વારા હિંડોળાને વિશેષ મહત્ત્વ આપવા તેની સામે વિવિધ રંગોથી રંગી લાકડાની છાલને અને રંગોળીની સેવા કરેલ છે. ઉદ્‌ઘાટન સમારોહનું સમસ્ત આયોજન પ.પૂ. શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શા. સ્વામી નારાયણમુનિદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ :- કોઠારી સ્વામી વ્યાસમુનિદાસજી

---

# વિદેશ સમાચાર



## નાઈરોબી આફ્રિકામાં સત્સંગ શિબિર યોજાઈ

તા. ૧૯ થી ૨૩ ઓગસ્ટ, ૨૦૧૫ દરમ્યાન શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ દ્વારા આયોજિત શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના યજમાનપદે ૫ દિવસીય સત્સંગ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૦૦ થી વધુ યુવાનો તથા બાળકોએ લાભ લીધો હતો. જેમાં નાઈરોબી તથા કેન્યાના, મોમ્બાસા, ફીલીફી તથા નાના મોટા ગામો નકુરુ, એલ્ડોરેટ, કેરીચો, કિસુમુ, વબુયે, કિટાલે, મેરુ, કેરૂગોયા વગેરે ગામો તેમજ યુગાન્ડા કંપાલા, ટોરોરો, જીંઝા, હોયમાં, મસીંડી વગેરે ગામો તથા ટાંઝનિયાના દારેસલામ વગેરેથી તેમજ ભારત, ઓસ્ટ્રેલીયા તથા દુબઈના યુવાનો આ શિબિરમાં જોડાયા હતા.

જેનું દીપ પ્રાગટ્ય ભુજથી પધારેલ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી તથા સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, પુરાણી સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી આદિ ૧૮ સંતોની હાજરીમાં હજારો યુવાનો વચ્ચે વડીલ સંતો તથા દાતાઓ તથા શ્રીનરનારાયણદેવને વિષે નિષ્ઠાવાળા ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ત્રણ વિભાગ કરવામાં આવ્યા હતા. ૧૦ વર્ષથી ૧૬ વર્ષના બાળકો માટે શ્રીઘનશ્યામ જ્ઞાનમંડપ તેમજ યુવાનો માટે શ્રીનીલકંઠ જ્ઞાનમંડપ તથા શ્રીસહજાનંદ જ્ઞાનમંડપમાં આવી રીતે શિબિરાર્થીઓને વિભક્ત કરી આજના ટેકનોલોજીના માધ્યમથી પ્રોજેક્ટર દ્વારા યુવાનોને આજના યુગમાં વિષયોથી કેમ બચવું તેમજ આપણા પરિવારને કેમ સંસ્કારિત કરવા એવું શિક્ષણ આપવામાં આવ્યું હતું. બાળકો માટે અલગથી ઘરમાં, સ્કૂલમાં તેમજ વ્યક્તિગત જીવનમાં અતિ ઉપયોગી બાબતો સ્લાઈડ શો, ગેમ્સ તથા વ્યક્તિગત સમાગમ દ્વારા શિક્ષણ અપાયું હતું. નાઈરોબીના બન્ને મંદિરોના યુવાનો તથા વડીલો દરેક વિભાગમાં સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે દાતાઓનો ખૂબ સહયોગ મળ્યો હતો. વીરાજ ઈન્ટરનેશનલ એકેડેમીમાં આ શિબિરનું આયોજન થયું હતું. જેમના ડાયરેક્ટર પ.ભ. વિજયભાઈ તથા તેમના બન્ને સુપુત્રો જયેશભાઈ તથા રશ્મીભાઈ આદિ સમગ્ર પરિવારનો પણ ખૂબ સહયોગ મળ્યો હતો. સંપૂર્ણ શિબિરમાં આવેલા શિબિરાર્થીઓ ભક્તોને લાભ મળે એવા આશયથી શનિવાર એટલે ત્રીજો દિવસ સમગ્ર આફ્રિકાના નાના મોટા ગામોમાંથી આવેલ યુવતી તથા વડીલ બહેનો માટે કાર્યક્રમ રાખેલ હતો. આજના સમયમાં વધતી જતી ભૌતિકતા વચ્ચે માતા પિતાના સંતાનોમાં બહેનો જ સંસ્કાર સંપત્તિ બચાવી શકશે આવી ઉદાર ભાવના સંતો તથા વડીલ હરિભક્તોના આશયને ધ્યાનમાં રાખી આખા દિવસ દરમ્યાન તેમના કાર્યક્રમો રાખેલ. યુવાનો સવારે ૪ વાગ્યે જાગી રાત્રે ૧૦:૩૦ વાગ્યે અવનવા કાર્યક્રમો દ્વારા પ્રસાર કરી રહ્યા હતા.

આવા મહાશિબિરના આયોજનો દ્વારા હિન્દુત્વ તથા સનાતન વૈદિક ધર્મની રક્ષા થાય છે. બાળકો પુ. સ્વામી ઘનશ્યામનંદનદાસજી, શા. સ્વામી

આનંદસ્વરૂપદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી દેવનંદનદાસજી, સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી આદિ સંતાનો માર્ગદર્શન હેઠળ અવનવાં આયોજનો થઈ રહ્યાં છે.

૪૫૦ જેટલા બાળકો આ શિબિરમાં સંતોની સાથે રહી Why, ચાલો સ્કૂલ ચલે, ભુજ મંદિરની પ્રવૃત્તિઓ વગેરે પ્રેઝેન્ટેશનો દ્વારા શિક્ષણ મેળવ્યું.

બાળકો ગ્રુપચર્ચામાં મીડિયા વિશે ચિંતન કર્યું. મીડિયાના ફાયદા અને ગેરફાયદા, ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલનો ઉપયોગ કેવી રીતે કરવો, કેટલો સમય કરવો તે ચર્ચાઓ થઈ તથા ભગવાન આપણા માટે શું કર્યું છે અને આપણે ભગવાન માટે શું કરવું જોઈએ આની ઉપર વિશેષ ચિંતન કર્યું હતું.

બાળકો માટે આ મહાશિબિરમાં યાદગાર રહી જાય તેવી ગેમ "The voice of Ghanasyam" યોજાઈ હતી. આ સીરીઝ ત્રણ દિવસ ચાલી ઓડિશનમાં ૪૦ બાળ ગાયકો હતા અંતે ફાઈનલ રાઉન્ડમાં ૬ બાળકો વિજેતા થયેલ. તા. ૨૨, શનિવારના બાળકો, યુવાનો અને બહેનો સાથે ૧૩૦૦ જેટલા ભક્તોએ આ ફાઈનલ રાઉન્ડમાં જોડાયેલા તેમાં પ્રથમ નંબરે એલ્ડોરેટના ચંદ્રશ કુમાર, દ્વિતીય નંબરે નાઈરોબી તાબાના મયુર રાઘવાણી તથા તૃતીય નંબરે નાઈરોબી તાબાના ધ્રુવ વેકરીયા રહ્યા હતા. બેસ્ટ ઓફ સીરીઝ તરીકે નિષીત કુમાર તથા બેસ્ટ ઓફ સિંગર ઓફ ડે તરીકે ધીરજકુમાર થયા હતા.

શિબિરના અંતે બાળકોના હાથમાં શબ્દો હતા કે ભુજ મંદિર અમે વિદેશમાં રહેતા હોવા છતાં આટલી બધી ચિંતા કરે છે તો આવી ચિંતા સેવનાર મહંત સ્વામી તથા સમસ્ત સંતોને કોટી કોટી દંડવત્ પ્રણામ.

આવી અલૌકિક શિબિર જીવનના વિકાસ તેમજ અમારામાં સંસ્કારો જળવાઈ રહે તે માટે યોજાતી રહે તેવી શ્રીનરનારાયણદેવના તથા શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના.

અહેવાલ :- સ્વામી ઘનશ્યામનંદનદાસજી

---

## શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કેન્ટન હેરો - વાર્ષિક સામાન્ય સભા

રવિવાર તા. ૧૨-૭-૨૦૧૫ના આપણા મંદિરની વાર્ષિક સામાન્ય સભા મળેલ. જેમાં ખજાનચીશ્રીએ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ સુધીના આવક જાવકના હિસાબો વાંચી સંભળાવેલ જે સભા તરફથી માન્ય રાખવામાં આવેલ. અને કમીટીની ચૂંટણી કરવામાં આવેલ. જેમાં નીચે નુજબ નવા સભ્યો ચૂંટવામાં આવેલ.

પ્રમુખશ્રી : વિશ્રામભાઈ વાગજી માયાણી - દહીંસરા, ઉપપ્રમુખશ્રી : સુરેશભાઈ શીવજી રાબડીયા - માંડવી, મંત્રીશ્રી : કાનજીભાઈ મનજી કેરાઈ - રામપર, સહમંત્રીશ્રી : નીતેશભાઈ વિશ્રામ હીરાણી - માંડવી, ખજાનચીશ્રી : ધનજીભાઈ કરસન વરસાણી - કેરા, સહખજાનચીશ્રી : લલીતભાઈ કરસન ભંડેરી - માંડવી, ધનજીભાઈ પરબત હાલારીયા - કેરા, સભ્યો : મનસુખભાઈ કરસન માયાણી - દહીંસરા, મનજીભાઈ કેશરા હિરાણી - સુખપર રોહા, અરવિંદભાઈ કરસન ભંડેરી - માંડવી, નારણભાઈ વેલજી ભુડીયા - નારણપર, દેવજીભાઈ કરસન માયાણી - દહીંસરા, ધનજીભાઈ લાલજી રાબડીયા - સરલી, ભાવેશભાઈ દિનેશ પિંડોરીયા - દહીંસરા, ધનજીભાઈ જેસાણી - બળદીયા, ધીરજભાઈ ધનજી રાબડીયા - વાડાસર, રીકીનભાઈ દીનેશ કેરાઈ - માંડવી, જાદવજીભાઈ કાનજી કેરાઈ - બળદીયા.

આ પ્રમાણે વર્ષ ૨૦૧૫-૨૦૧૬ની કાર્યવાહક

કમીટીની રચના ચૂંટણી દ્વારા કરવામાં આવેલ. રવિવાર તા. ૧૯-૭-૨૦૧૫ના રોજ રથયાત્રા ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

અહેવાલ :- ઉપપ્રમુખશ્રી : સુરેશભાઈ શીવજી રાબડીયા
મંત્રીશ્રી : કાનજી મનજી કેરાઈ

---

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કમ્પાલા - યુગાન્ડા

શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કમ્પાલા (અંડર શ્રીનરનારાયણદેવ મંદિર, ભુજ) દ્વારા આયોજીત તા. ૨૬-૭-૨૦૧૫ થી શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર ૨૦૧૫નું એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કરેલ હતું અને તેમની સાથે શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજી અને પુરાણી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી રહ્યા હતા.

શિબિરની શુભ શરૂઆત સવારે ૬:૪૫ વાગ્યે મંદિરેથી લગભગ ૮૦૦ જેટલા ભાઈઓ-બહેનો અને બાળકો સો સાથે મળીને પ્રભાતફેરીમાં જોડાયા હતા. અને ઓલ્ડ કમ્પાલા સેકેન્ડરી સ્કૂલ જયાં શિબિરનું આયોજન કરેલ હતું ત્યાં પ્રભાતફેરીને પૂર્ણ કરવામાં આવી હતી. આ શિબિરમાં ખાસ કરીને પ્રાત:પૂજા અને રજસ્વલા ધર્મ ઉપર પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યા હતા. અને સાથોસાથ યુગાન્ડામાં રહેતા દરીદ્ર લોકોને મેડીકલ સરજરી માટે મંદિર તરફથી ૬,૫૦૦,૦૦૦/- યુગાન્ડા સિલિંગનું દાન પણ કરવામાં આવેલ હતું.

સવારે ૬:૪૫ થી સાંજે ૬:૪૫ આમ ૧૨ કલાક સુધી શિબિરમાં આશરે ૧૨૦૦ જેટલા હરિભકતોએ લાભ લીધો હતો. અને સૌ ભાઈઓ-બહેનોએ એક કલરનાં યુનિફોર્મમાં શોભી રહ્યા હતાં. શિબિરમાં ઘણા બધા દાતાશ્રીઓએ સેવાનો લાભ લીધો હતો. અને સ્વયં સેવક તરીકે શ્રીસ્વામિનારાયણયુવક મંડળના યુવાનો જોડાયા હતાં. તા. ૨૦-૮-૨૦૧૫નાં નાઈરોબી શિબિરમાં આવવા માટે શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સૌને આમંત્રણ પાઠવ્યું હતું.

અહેવાલ :- વાઈસ સેક્રેટરી - ધનજીભાઈ લાલજી હિરાણી

---

## શ્રીસ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ અધિકમાસ કથા

તા. ૧-૭-૨૦૧૫ બુધવાર થી તા. ૫-૭-૨૦૧૫ રવિવાર સુધી ઓલ્ડહામ મંદિરમાં અધિકમાસ નિમિત્તે શ્રીઘનશ્યામ લીલા કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓલ્ડહામની સર્વે બાઈઓ મળીને આ કથાનું આયોજન કરેલ.

તા. ૪-૭-૨૦૧૫ શનિવારના ઠાકરથાળી પણ રાખેલ હતી. સર્વે મળીને રાસ પણ રમ્યા હતા.

રવિવાર તા. ૫-૭-૨૦૧૫ કથા પૂર્ણાહુતિ બાદ પ્રસાદીરૂપ ભોજન સર્વે હરિભક્તોએ લીધેલ.

અહેવાલ :- નારણ કારા, ઓલ્ડહામ

---

## શ્રીસ્વામિનારાયણ લીગ કપ-૨૦૧૫, SLC -2015 શ્રી ઈસ્ટ લંડન પ્રાંતમાં યોજાઇ

તા. ૨૭-૬-૨૦૧૫નાં રોજ શનિવારે યુ.કે. સર્વ ભુજ શ્રીનરનારાયણદેવ હેઠળ સંચાલિત આઠે મંદિરો, ૮૦૦ જેટલાં યુવા-યુવતીઓએ ખૂબ જ સાનુકુળ વાતાવરણ ઠંડી અથવા વરસાદ free રહેલ. કુદરતી સુંદર વાતાવરણી, શ્રીજીનો, સંતોનો સાથ પછી નહીં કાંઈ વાત.

યુવા-યુવતીઓ આ Olympic size - Newham Leisure Cemreમાં ઉત્સાહથી રમત-

ગમતની પ્રતિયોગીતામાં ભાગ લીધેલ. જ્યાં યુ.કે. દેશની ચાહક FootBall Roundups, દોડ, Long Jump આદિ રમતોનો સમાવેશ થયેલ.

શ્રી ઈસ્ટ લંડન મંદિરનો રસોડા વિભાગ ખૂબ જ ઉદાર દિલ રાખી સર્વ ભાઈ બહેનોને પ્રસાદરૂપી ભોજન, Breakfast, lunch તેમજ સાંજે અલ્પ આહારનું વિતરણ કરેલ. સર્વે મંદિરોનાં યુવક-યુવતીઓ આભાર અને આનંદ વ્યક્ત કરેલ હતો. જોતજોતામાં આ દિવસનો રમત સમારોહ પૂર્ણ થયેલ. મંદિરના પ્રમુખશ્રી દ્વારા ઈનામ વિતરણ કાર્યકર્તાઓ દ્વારા આભાર વિધીમાં જેઓ મંદિરના યુવા-યુવતીઓ ક્રમ પ્રમાણે પ્રોત્સાહિત કરેલ.

Result :- ભાઈઓ યુવકો - પ્રથમ સ્થાન - વિલ્સડન મંદિર, દ્વિતીય સ્થાન - સ્ટેનમોર મંદિર, તૃતીય સ્થાન - હેરો તથા ઈસ્ટ લંડન મંદિર.

બહેનો-યુવતીઓ - પ્રથમ - હેરો મંદિર, દ્વિતીય - ઓલ્ડહામ મંદિર, તૃતીય - બોલ્ટન મંદિર રહ્યા હતા.

છેવટે સાંજે સર્વ ઉત્સાહ પૂર્વક રાજી થઈને પાછા પધારેલ.

**ઠાકરથાળી :** તા. ૧૧-૭-૨૦૧૫ને શનિવારે કુ. રશીકાબેન રવજી શીયાણી પરિવાર ગામ માનકુવા લગ્ન નિમિત્તે ઠાકરથાળી ઉત્સવ રાખેલ. આજ દિવસે મુળ ઈસ્ટ લંડન નિવાસી પ.ભ. ભરતભાઈ કાનજી દબાસીયા હાલ પર્થ-ઓસ્ટ્રલીયા નિવાસી પરિવાર તરફથી ઠાકરથાળી રાખેલ. તા. ૨૬-૭-૨૦૧૫ રવિવારે કુ.રીષી વિજયભાઈ ધનજીભાઈ ભુડીયા જન્મદિવસ નિમિત્તે ઠાકરથાળી ઉત્સવ રાખેલ આ સમયે ભુજ ધામથી પણ સંતો હાજરી આપેલ.

અહેવાલ :- મંત્રી : અરવિંદભાઈ વેકરીયા

સહમંત્રી : પુલકીતભાઈ કોરાટ

## :: અક્ષરવાસ ::

પ.ભ. મનજીભાઈ પ્રેમજી હાલાઈ, મિરજાપર ઉ.વ.૫૮ તા. ૧૧-૭-૧૫ના પંચભૌતિક દેહનો ત્યાગ કરીને શ્રીજી મહારાજના ધામમાં ગયા છે. તેમના જીવાત્માને શ્રીજી મહારાજ તેમના ચરણકમળનું સુખ આપે એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

---

ગામ માનકુવા ભક્તિનગર શ્રીસ્વામિનારાયણ મંદિરના સાં.યો. વાલબાઈ ભીમજી પૂંજાણી ઉ.વ.૬૭ તા. ૨-૮-૨૦૧૫ના શ્રીજીનું સ્મરણ કરતાં અ.નિ. થયા છે. દીક્ષા સંવત ૨૦૨૩ના લીધી હતી. ૪૭ વર્ષ સુધી સત્સંગની સેવા કરી હતી. પરમકૃપાળુ પરમાત્મા દિવગંત આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.


---

માંડવીના પ.ભ. મેઘજીભાઈ નારણ પિંડોરીયા ૯૯ વર્ષની ઉંમરે સવારે ૩:૩૦ કલાકે તા. ૧૮-૬-૧૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતાં અક્ષરનિવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમને પોતાના ચરણકમળનું સુખ આપે એવી પ્રાર્થના.


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

**ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.**

# સંપ ત્યાં શક્તિ




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળ મિત્રો, જય શ્રી સ્વામિનારાયણ, આજે આપણે સંપ અને હિંમત હોય તો શું ન થાય, એ વિષેની વાર્તા સાંભળીશું. અને જીવનમાં ઉતારીશું.

સમુદ્રને કિનારે એક ટીટોડી રહેતી હતી. તેણીએ ત્યાં ઇંડાં મુક્યાં હતાં. એક દિવસ સમુદ્રએ પોતાની ચડતી વેળમાં ટીટોડીના ઇંડાંને તાડી ગયો. ત્યારે ટીટોડીએ સમુદ્રને વિનંતી કરી કે મારા ઇંડાં પાછા આપી દો પણ સમુદ્રએ વાત સાંભળી જ નહિ. એટલે ટીટોડીએ પોતાની નાતના તમામ પક્ષીઓને ભેગા કર્યા. અને પોતાના દુઃખની બધી વાત કરી. ત્યારે પક્ષીની નાતના પંચે સર્વાનુમતીએ નક્કી કર્યું કે આપણે સંપ અને હિંમત રાખીને સમુદ્રને પૂરી દેવો.

સૌ નાતના પક્ષીઓ ભેગા થઇ સમુદ્ર કિનારે આવ્યાં. બધા સંપ અને હિંમત રાખી સમુદ્રના પુરવાની શરૂઆત કરી. ત્યાં અચાનક ફરતા ફરતા નારદમુની આવી પહોચ્યા. નારદજી આવીને કહ્યુ : કે તમારી નાતના સર્વશ્રેષ્ટ પક્ષીરાજ ગરુડજી છે તેમને કેમ નથી બોલાવ્યા ? માટે તેમને બોલાવો. અને જો આવવાની ના કહે તો નાતબારા કરો. આટલી વાત કરી નારદજી વિદાય થયા. પછી ગરુડજીને બોલાવવા માટે થોડા પક્ષીઓ ગયા પણ ગરુડજીએ વાત માની નહિ. પક્ષીઓ પાછા આવ્યા. અને બનેલી વાત કરી. વાત સાંભળી પક્ષીની નાતના પંચે ગરુડજીને નાત બહારા કર્યા.

આ બાજું નારદમુની ફરતા ફરતા નારાયણ, નારાયણ, કરતા પહોંચ્યા વૈકુંઠમાં અને પક્ષીરાજ ગરુડજી પાસે જઇને કહ્યું : હે ગરુડજી ! પૃથ્વીલોકમાં તમારી જ્ઞાતિનાં પક્ષીઓ અત્યારે શું કરી રહ્યાં છે ?એ તો તમે જણતા જ હશો? કે નાતના તમામ પક્ષીઓ એક સંપ અને હિમંત રાખી સમુદ્રને પૂરવા તનતોડ મહેનત કરી રહ્યાં છે.

ગરુડજી કહે : હા, નારદજી ! પક્ષીઓ વાત કરવા આવ્યા હતા. પણ હું કયા અને એ તુચ્છ પક્ષીઓ કયા એના સાથે મારે કેમ ભળાય ?

નારદજી : તમારે ત્યાં જવું જોઇએ. કારણકે અત્યારે તો તમે અહીં વૈકુંઠમાં છો, એટલે તમારે કોઇની પરવા નથી. પણ જો કાંઇક વાંકમાં આવશો અને ભગવાન તમને રજા આપી દેશે, ત્યારે તમે પોતાની નાત સિવાય બીજે કયાં જશો ? માટે હે પક્ષીરાજ ! પૃથ્વી પર જાવ અને નાતનાં પક્ષીઓ ભેગા ભળો. ગરુડજીને નારદજી સમજાવે છે ત્યાં ભગવાન પધાર્યા અને ગરુડજીને કહ્યું : ‘હું આજથી તમને મારી સેવામાંથી મુક્ત કરું છું.’ ગરુડજી કહે, ‘પ્રભુ ! મારો એવો કયો અપરાધ છે ? ભગવાન કહે, ‘તમે નાતબહાર છો, માટે’ અને જો સેવામાં રહેવું હોય તો, ‘નારદજી કહે છે તે વાત માનો અને જાઓ પૃથ્વી પર નાતમાં ભળો.’

ગરુડજી ભગવાનની આજ્ઞાથી તત્કાળ પૃથ્વીલોકો પર સમુદ્ર કિનારે આવ્યા. ત્યાં તમામ જાતનાં પક્ષીઓ ચાંચમાં, પાંખમાં ધુળ,કાંકરા અને વૃક્ષની નાનીડાળીઓ લઇ સમુદ્રને પૂરવાનું કામ કરતાં હતાં. ત્યાં ગરુડજી આવી હસતાં હસતાં કહેવા લાગ્યા કે, તમે આ શું કરો છો ? ત્યારે પક્ષીઓએ કહ્યું, ‘સમુદ્ર ટીટોડીના ઇંડા લઇ ગયો છે તેથી અમે તેને પૂરીએ છીએ. ગરુડજીકહ્યું કે શું આવળો સમુદ્ર આ

તમારા રેતી કાંકરાથી પૂરાઇ જશે? ત્યારે પક્ષીઓએ કહ્યું એક સંપ અને હિંમત હોય તો શું ન થાય 'હિંમતે મરદા તો મદદે ખુદા,' હિંમત અને સંપ રાખી કામ કરશું તો ભગવાન મદદ કરશે જ.' પક્ષીઓની એકતા અને હિંમત જોઇ ગરુડજી ભેગા ભળી ગયા. એટલે પક્ષીઓની હિંમત ઓર વધી અને ગરુડજી ચાચમાં અને પાંખમાં મોટા મોટા પર્વતોને ઉપાડી સમુદ્રમાં નાખવા લાગ્યા. આમ જોતજોતામાં સમુદ્ર કેટલોય પૂરાઇ ગયો. પક્ષીઓનો સંપ અને હિંમત જોઇ સાક્ષાત સમુદ્રદેવ હાથ જોડી બહાર આવ્યા, 'માફ કરો, માફ કરો, મારો શું વાંક છે ? મને શા માટે પૂરો છો ? ત્યારે પક્ષીરાજ ગરુડજીએ કહ્યું, 'તમે ટીટોડીનાં ઇંડાં લઇ ગયા છો તે પાછા આપો. નહિ તો તમને પુરી દઇશું તમારું નામ નશાન નહિ રહેવા દઇએ.' ત્યારે સમુદ્રએ ઇંડાં પાછાં લાવી આપ્યાં. દરેક પક્ષીઓ ખુશ થયા. કાર્ય પૂર્ણ થતાં ગરુડજી પાછા વૈકુંઠમાં ગયા. અને સર્વે પક્ષીઓ પોતપોતાને સ્થાનકે ગયા.

બાળ મિત્રો , જોયું ને જયાં સંપ અને હિંમત છે ત્યાં ગમે તેવા શક્તિશાળીને પણ પાછું પડવું પડે છે. માટે જયાં સંપ છે ત્યાં જ સુખ,સંપત્તિ,શાંતિ,શક્તિ અને શોભા છે. માટે હંમેશા સંપીને રહેવું.

અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ....

# -: જ્ઞાનસરિતા :-

## -: જ્ઞાનમાળા:-

૧. શ્રીમદ્ ભાગવત ના મુખ્યા વક્તા કોણ છે ?
(અ)નારદજી (બ)શુકદેવજી
(ક)શિવજી (ડ)બ્રહ્માજી

૨. શ્રીમદ્ ભાગવતના સ્કંધ કેટલા છે ?
(અ)૯ (બ) ૧૧
(ક) ૧૦ (ડ) ૧૨

૩. રાજા પરિક્ષિતને શાપ કોણે આપ્યો હતો ?
(અ) શ્રૃંગી (બ) શમિકઋષિ
(ક) અગત્સ્ય (ડ) વિભાંડક

૪. જળ કમળ છોડી જાને બાળા, આ કીર્તન કોણે બનાવ્યું છે ?
(અ) મીરાબાઇ (બ) પ્રેમાનંદ
(ક) સૂરદાસજી (ડ) નરસિંહમહેતા

૫. શુકદેવજી કોના પુત્ર હતા ?
(અ) ગર્ગાચાર્ય (બ) શિવજી
(ક) વ્યાસજી (ડ) સુતજી

૬. કપીલ ભગવાનના પિતાનું નામ શું હતું ?
(અ) અત્રીમુની (બ) કશ્યપ ઋષિ
(ક) કર્દમ ઋષિ (ડ) પુલ મુની

૭. વારાહ ભગવાન કોને મારી પૃથ્વી પાછી લાવ્યા હતા ?
(અ) હિરણ્યકશિપુ (બ) વ્યોમાસુર
(ક) ત્રિપુરાસુર (ડ) હિરણ્યાક્ષ

૮. શ્રીમદ્ ભાગવત અંતર્ગત યોગ શાસ્ત્ર કોને કહેવામાં આવે છે ?
(અ) પંચમ સ્કંધ (બ) દશમ સ્કંધ
(ક) અષ્ટમ સ્કંધ (ડ) નવમ સ્કંધ

૯. કપીલ ભગવાનનો જન્મ કયા થયો હતો ?
(અ) ગંગાસાગર (બ) સિધ્ધપુર
(ક) કાશી (ડ) અયોધ્યા

૧૦. સ્વયંભૂ મનુની પત્નીનું નામ શું હતું ?
(અ) અનસૂયા (બ) અર્ચા
(ક) શતરૂપા (ડ) પ્રસૂતી

# પ્રકૃતિના તત્ત્વો શું કહે છે.

૧. સરોવર : દાન આપવાથી ભગવાને આપેલું ઓછું થવાનું નથી.
૨. સૂર્ય : અતિ ઉગ્ર થશો તો કોઇ સામે પણ નહિ જુએ.
૩. વાદળ : મારી જેમ બીજા પર વરસી જતાં શીખો.
૪. વૃક્ષ : પોતાને કષ્ટ આપી શરણે આવેલીને શાંતિ આપો.
૫. સમુદ્ર : મારી જેમ સારા ખરાબ તત્ત્વોને તમારામાં સમાવો.
૬. ગુલાબ : મારી જેમ સદ્ગુણોની સુવાસ બીજાને આપો.
૭. તારા : અંધકારમાં પણ આશાનો પ્રકાશ ગુમાવશો નહિ.
૮. ચંદન : પોતે ઘસાઓ પણ બીજાને શીતળતા આપો.
૯. ઝરણું : ધ્યેય પ્રાપ્તિ માટે સતત આગળ વધતા રહો.
૧૦. પૃથ્વી : સારા નરસા સહુનું સહન કરતાં શીખો.

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

૧૮૫૬,શ્રાવણ,શ્રાવણ સુદ ૮,બ્રહ્માનંદ,૧૯૪૭,ડભાણ, ઉત્તરપ્રદેશ,વેદવ્યાસજી, સુંદરીયાળા,ધર્મ સહિત
ઉખાણાં - મોર, દીવાસળી, મીણબતી

## -: શબ્દ રચના :-

ગણપતિનું પ્રીય ભોજન લાડુના આ ઢગલામાં ગણપતિજીના બાર નામો મુકેલા છે તેને શોધી કાઢો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સો | શ્ર | ધૃ | સ | વિ | ભી | તિ | પા | અ | થ |
| મ | ર | ષ્ણે | ત્સં | ન | મ | ર્ત | દ | ના | શ્ર |
| ના | ખા | શ્વ | ગ | જ | ના | વે | ઘ | મ | ત્ર્યં |
| થ | થા | ર | ન | ભ | થ | બૈ | વ | ણ | બ |
| વં | ખા | ર્ત | સ્મ | ના | વિ | મા | ન | સ | કે |
| ના | ગે | શ્વ | ર | પ | દ | હા | ણા | ત | શ્વ |
| ન | ર | શ્વ | દ | ઓ | મ | કા | રે | શ્વ | ર |
| સ | મે | કિ | અ | ર્ચ | ન | લે | સો | મે | લ |
| રા | નિ | શ્ર | વ | દ | વિ | શ્વ | ના | થ | અ |
| મ | લિ | કા | ર્જ | ન | કા | ર | સ | પા | અ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સો | શ્ર | ધૃ | સ | વિ | ભી | તિ | પા | અ | થ |
| મ | ર | ષ્ણે | ત્સં | ન | મ | ર્ત | દ | ના | શ્ર |
| ના | ખા | શ્વ | ગ | જ | ના | વે | ઘ | મ | ત્ર્યં |
| થ | થા | ર | કે | ભ | થ | બૈ | વ | ણ | બ |
| વં | ખા | ર્ત | દા | ના | વિ | મા | ન | સ | કે |
| ના | ગે | શ્વ | ર | પ | દ | હા | ણા | ત | શ્વ |
| ન | ર | શ્વ | ના | ઓ | મ | કા | રે | શ્વ | ર |
| સ | મે | કિ | થ | ર્ચ | ન | લે | સો | મે | લ |
| રા | નિ | શ્ર | વ | દ | વિ | શ્વ | ના | થ | અ |
| મ | લિ | કા | ર્જ | ન | કા | ર | સ | પા | અ |

### સરનામું

નામ....................................................... ગામ ........................તાલુકો........................

ઉંમર............શાળા................................ધો............ મો.ન........................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૫૧/- | દિશા સુનિલભાઈ રત્નાની | દયાપર હાલે ચીખલી | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | પુષ્પાબેન પ્રવિણભાઈ ગોગારી | | અમદાવાદ જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | મહેશભાઈ ગોવિંદ વરસાણી ધ.પ. કસ્તુરબેન વરસાણી હ. ગોવિંદભાઈ | માધાપર | ચિ. રોહિતના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦૦/- | અંજની લક્ષ્મણ વેકરીયા | બળદીયા ઉ.વા. | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | ખુશીલ લક્ષ્મણ વેકરીયા | બળદીયા ઉ.વા. | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | ઈકોટેક કોર્પોરેટ હ. કલ્પેશભાઈ | મહારાષ્ટ્ર નાસીક | નવી કંપની શરૂ કરી તે નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | શિવજીભાઈ ધનજી વેકરીયા | રામપર વેકરા હાલે લંડન | ચિ. ક્રિશના જન્મદિવસ નિમિતે ભેટ |
| ૧૫૦૦/- | નાનજી ધનજી લાધાણી | સામત્રા હાલે મોમ્બાસા | ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | વેન્સકુમાર દિનેશભાઈ વરસાણી | કેરા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | મુક્તિબેન દિનેશભાઈ વરસાણી | કેરા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૧/- | રોહિત હીરજી કેશરા હીરાણી | સુરજપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | નીતાબેન મનોહરન ભુવા હ. શિવજીભાઈ માસ્તર | કોઈમ્બતુર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૩૦૦/- | પ.ભ. રામજીભાઈ લાલજી વરસાણી ધ.પ. દેવબાઈ સહપરિવાર | માધાપર | પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ |
| ૬૨૫/- | દેવશી રત્ના વરસાણી | માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | બચુભાઈ ડાહ્યાલાલ પટેલ | વર્ધાના મુવાડા | નવા ટ્રેક્ટરની ખરીદી કરી તે નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | હરજી વેલજી વરસાણી | માધાપર | હરજીભાઈ તથા રિયા નિમેશના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૫/- | અરવિંદ મુળજી હીરાણી | સુરજપર | દીકરી ચી. જેનીના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૫/- | વિનોદ વાલજી વરસાણી | સુખપર | પુત્ર જન્મ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | પરબત રામજી કેરાઈ | કુંદનપર | સુપુત્ર ચિ. હસમુખકુમાર તેમજ પુત્રી ચિ. પ્રિયાંશીના તેમજ પરબત રામજીના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | નિતીન હરજી ગોંડરીયા હ. હરજી લાલજી | મિરજાપર | ચિ. દેવર્ષિ તથા દિક્ષીતનાજન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | મનજી દેવજી વેકરીયા | શિરવા માંડવી | સુપુત્ર ચિ. શૈલેશના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૦/- | મુળજી કરસન કેરાઈ | માંડવી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦૦/- | વાલજી કરસન રાબડીયા | બળદીયા | પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ |























(૧-૬) શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર -કમ્પાલા (૭) શ્રી સ્વમિનારાયણ મંદિરમાં અધિકમાસમાં ભાગ લેતા યુવાનો, ઓલ્ડહામ-યુ.કે. (૮) શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની થ્રો બોલમાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થિનીઓ-ભુજ. (૯) તાલુકા સ્તરે અન્ડર-૧૪ માં વિજેતા થયેલા વોલીબોલ ટીમના વિદ્યાર્થીઓ-નારણપર ગુરૂકુલ.

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015

